RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No.169* Date: 09.04.2023, Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## કાશ્મીરની ખુલ્લી હવામાં ઊડતા મહાઠગને અમદાવાદ મેટ્રો કોર્ટમાં રજૂ કરાયો

### કોર્ટે ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા



અમદાવાદ,તા.૮

મહાઠગ કિરણ પટેલને લઈને ક્રાઈમ બ્રાન્ચની ટીમ શુક્રવારે મોડી રાત્રે અમદાવાદ આવી પહોંચી હતી. માજી મંત્રીના ભાઈનો સિંધુભવન રોડ પર આવેલો ૧૫ કરોડનો બંગલો પચાવી પાડનારાં કિરણ પટેલ અને તેની પત્ની માલિનીએ નકલી ડોક્યુમેન્ટ્સ ઊભા કર્યા હતા. એમાં ક્રાઈમ બ્રાન્ચે અગાઉ માલિનીની ધરપકડ કરી હતી. જ્યારે કિરણ પટેલને જમ્મુ-કાશ્મીર પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટના આધારે અમદાવાદ લવાયો હતો. હવે ચુસ્ત પોલીસ બંદોબસ્તમાં મહાઠગ કિરણ પટેલને મેટ્રો કોર્ટમાં લાવવામાં આવ્યો છે. કિરણ પટેલને મેટ્રો કોર્ટના છઠ્ઠા માળે કોર્ટ રૂમ નંબર ૧૧માં લાવવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કિરણ પટેલના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જોકે, આ મુદ્દે સરકારી વકીલ અને બચાવ પક્ષના વકીલે રજૂઆત કરી હતી. જોકે કોર્ટ એક અઠવાડિયાના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આરોપીને ૧૫ એપ્રિલના રોજ કોર્ટમાં ફરી રજૂ કરશે. આ પહેલાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક પ્રેસ-કોન્ફરન્સ કરવામાં આવી હતી, જેમાં મહાઠગની કાશ્મીરમાં ટ્રાન્સફર વોરંટથી કરાયેલી ધરપકડ અને અમદાવાદ લાવ્યા એ અંગે માહિતી આપવામાં આવી હતી.

રકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, આરોપીએ ખોટી ઓળખ ઉભી કરી તે કેવી રીતે કરી? આરોપીએ ડૉક્ટરની ડીગ્રી બતાવી તેની પર પ્રશ્ન. મકાન રિનોવેશનનો ખર્ચ ક્યાંથી લાવ્યા? આરોપીએ જ્યાં-જ્યાં મિટિંગ કરી ત્યાં પંચનામાંની જરૂર છે. બેંકમાં બેલેન્સ ન હોવા છતાં ૫૦ લાખના ચાર ચેક આરોપી દ્વારા આપવામાં આવ્યા હતા. અન્ય ભોગ બનનાર પણ હોઈ શકે. અન્ય વ્યક્તિ સંડોવાયેલી છે કે કેમ ? તેની તપાસ જરૂરી છે. આરોપી સામે નરોડા અને જમ્મુ-કાશ્મીર સહિત પોલીસમાં ગુન્હા નોંધાયેલા છે. કેસના મૂળ સુધી જવા આરોપીના રિમાન્ડ જરૂરી છે.

કિરણ પટેલના વકીલ બચાવ કર્યો હતો અને જણાવ્યું હતું કે, ૩૫ લાખ રૂપિયામાં જ રિનોવેશન થયું છે. ૫૦ લાખ રૂપિયા ચેકની કયા વાત છે? આ કેસ ચિટિંગનો છે કે પૈસા ક્યાંથી આવ્યા તેનો છે? જબરદસ્તીની ફરિયાદ દાખલ કરાઈ છે. રિમાન્ડ શેના? ખર્ચો વધારે કર્યો તેના? પોલીસની થિયરી પર બચાવ પક્ષના વકીલનો સવાલ ઉઠાવ્યો હતો કે ફરિયાદી પાસે રાજકીય ઓથ, ૩૫ લાખના કેસની જ અહીં વાત હોય. અગાઉ કોણ ક્યાં રોકાયું તેનાથી શું લેવા દેવા? પોલીસ આ કેસમાં નોટિસ આપી શક્તી હતી? ધરપકડ કરીને તેની ઈજ્જત કાઢવાની ક્યાં જરૂર હતી? ફરિયાદી પણ ખોટો હોઈ શકે? પોલીસે પૂરતા પુરાવા અને ઈન્વેસ્ટિગેશન કર્યું નથી. પોલીસ પૂરતી ક્યાંકથી પ્રેરિત છે. જે બંગલા માટે ફરિયાદીએ ફરિયાદ કરી છે તે ફરિયાદીના નામે જ છે. કોઈ રેવન્યુ રેકર્ડમાં કિરણ પટેલે પોતાનું નામ ચઢાવ્યું નથી. બનાવ બન્યાની તારીખ અને ફરિયાદ વચ્ચે ૧ વર્ષનો ગેપ છે. આ મામલો સિવિલ કોર્ટમાં ચાલે છે તો તેના ચુકાદાની રાહ કેમ ન જોવાઈ? પોલીસ ફરિયાદી સાથે મળેલી છે. કિરણભાઈની પત્ની માલિનીબેનને પાંચ દિવસના રિમાન્ડમાં છે. ૩૫ લાખથી વધારે રિનોવેશન થયું તે તો સાવ ઊલટું થયું.ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ચૈતન્ય માંડલિકે જણાવ્યું હતું કે, ૨૨ માર્ચ ૨૦૨૩ના રોજ ફરિયાદી જગદીશ ચાવડાએ એક છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. એમાં બે આરીપી હતા. કિરણ જગદીશભાઈ પટેલ અને બીજા તેમના પત્ની માલિની પટેલ. આ અગાઉ માલિનીબહેન પટેલને એરેસ્ટ કરવામાં આવ્યા હતા. ત્યારે કિરણ પટેલ જમ્મુ-કાશ્મીર જેલમાં હતા. એના કોર્ટના હુકમના આધારે જમ્મુ-કાશ્મીર જેલમાંથી કાલે તેમનો કબ્જો લઈ વાયા રોડ તેમને લાવી કાલે ત્રણ વાગે એરેસ્ટ કરવામાં આવ્યા છે.મેડિકલ ચેકઅપ પછી, લોકલ કોર્ટમાં તેમને હાજર કરી રિમાન્ડની પ્રોસેસ હાથ ધરવામાં આવી છે. કિરણ પટેલ વિરૂદ્ધ કુલ પાંચ ગુના પ્રથમ દૃષ્ટિએ નોંધાયા છે. સાથે જ જે બંગલો પચાવી પાડવાનો મામલો છે. તેમાં રિમાન્ડ મેળવવાની તજવીજ ચાલુ છે. ત્યારે કિરણ પટેલ વિરૂદ્ધ અલગ અલગ જગ્યાએ કેસ નોંધાયા છે. જેમકે બાયડ, નરોડા, જમ્મુ-કાશ્મીર, અમદાવાદ જેવી જગ્યાએ એમની વિરૂદ્ધ નેગોસિએબલ એક્ટ હેઠળ ચેક બાઉન્સના કેસ નોંધાયા છે.


કિરણ પટેલ પીએમઓના અધિકારી તરીકે ઓળખ આપતો હોવાના મામલે માંડલિકે ઉમેર્યું કે, એ પોતે મોટો અધિકારી હોવાનું લોકોને જણાવે છે. મોટો રાજકીય વગ ધરાવે છે. એવી ખોટી રીતે લોકોને ઓળખાણ આપી, ખોટો દેખાવો ઉભો કરી, લોકો સાથે છેતરપિંડી કરે છે. કિરણ પટેલ સામે અન્ય અરજી કે ફરિયાદો છે, એની પ્રાથમિક તપાસ કરી એમાં તથ્ય જણાઈ આવે તો, એના વિરૂદ્ધ અલગ અલગ ગુના પણ દાખલ કરવામાં આવશે. સાથે જ કિરણ પટેલના સોશિયલ મીડિયાથી લઈ એની ડિગ્રીથી લઈ એની પ્રોપર્ટી તમામની તપાસ કરવાની છે.

કિરણ તેના નામની આગળ ડોક્ટર પણ લખાવતો હતો કે એ મુદ્દે પ્રશ્નનો ઉત્તર આપતા માંડલિકે જણાવ્યું કે પોતે કોમ્પ્યુટર એન્જિનિયર હોવાનું જણાવે છે. ત્યાર બાદ તે એક એડ કંપનીમાં પણ કામ કરતો હોવાનું જણાવે છે, સાથે જ તેને વિદેશમાં પણ નોકરી કરી હોવાનું જણાવ્યું હતુંસ પરંતુ તેનું સત્ય શું છે? એની જાણ નથી. આ તમામ મુદ્દાની તપાસ કરવામાં આવશે. જો તેની કોઈ ડીગ્રી ખોટી હશે, તો તેના વિરુદ્ધ અલગથી ગુના દાખલ કરવામાં આવશે.રિમાન્ડ મેળવવાના મહત્ત્વના મુદ્દા અંગે તેમણે ઉમેર્યું કે, બીજી કંઈ-કંઈ જગ્યાએ તેને ગુનો કર્યા છે? જે બંગલો પચાવી પાડ્યો છે, તેમાં તેને શું શું કર્યું હતું? કેવી રીતે પચાવી પાડ્યો? તેના પૈસા ક્યાંથી આવ્યા? તેમાં ૩૫ લાખ છે, જે ફરિયાદી પાસે લીધા છે, એનો ક્યાં-ક્યાં ઉપયોગ કર્યો છે? સાથે જ એને જે ખોટી ઓળખાણ આપી છે. એને શું શું આધાર પૂરાવા, ખાટો આધાર પૂરાવા ભેગા કર્યા છે? એ બધું તપાસ કરવામાં આવશે. કિરણ પટેલની પત્ની માલિની અંગે તેમણે જણાવ્યું હતું કે, માલિનીએ પોતે ભાગીદાર હોવાનું જણાવ્યું છે. તેમાં મુખ્ય રોલ કિરણ પટેલનો હોવાનું કહે છે. ત્યારે કિરણને આજે ચાર વાગે કોર્ટમાં રજૂ કરી તેના ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવશે.મહાઠગ કિરણ પટેલને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ મોડી રાતે અમદાવાદ લઈને આવી છે. કિરણ પટેલે અનેક લોકોને ઠગ્યા હોવાની વિગતો પણ સામે આવી છે. એમાં તે પોતે પીએમઓનો અધિકારી હોવાની વાતો કહેતો હતો અને અનેક લોકો સાથે છેતરપિંડી કરી હતી. એમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ભાજપના પૂર્વ મંત્રીના ભાઈનું મકાન પચાવી પાડવાની ફરિયાદ કિરણ પટેલની અને તેની પત્ની માલિની સામે નોંધાઈ છે. જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન બોર્ડર સુધી જઈ આવેલો કિરણ પટેલ હવે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો મહેમાન બન્યો છે. મંત્રીના ભાઈનું મકાન પચાવી પાડવાના કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં કિરણ પટેલની પત્ની માલિની અને આર્કિટેક્ટની પૂછપરછ કરી છે. હવે આ સમગ્ર કેસનો માસ્ટર માઈન્ડ કિરણ પટેલ અમદાવાદ આવ્યા બાદ તેનાં અનેક રહસ્યો સામે આવશે. તે એટલો ભેજાબાજ જ હતો કે મંત્રીના ભાઈના ઘરમાં તેણે સંગીતસંધ્યા અને પૂજા રાખી હતી. આ માટેના નાણા તે ક્યાંથી લાવ્યો એની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. આ અંગે અગાઉ તેની પત્ની માલિનીની પૂછપરછ થઈ ચૂકી છે, પરંતુ સમગ્ર રેકેટનો માસ્ટર માઈન્ડ કિરણ પટેલ આવા અનેક લોકોને ઠગી ચૂક્યો હોવાની પોલીસને પૂરી શંકા છે. હવે પોલીસને જેમ જેમ પુરાવા મળશે એમ એમ કિરણ પટેલ સામે વધુ ગુના દાખલ કરવાની પણ તૈયારી કરી લીધી છે. કિરણ પટેલ અને તેની પત્ની જે બેંક એકાઉન્ટ વાપરતાં હતાં એની પણ તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવી રહી છે.

## વારાણસી હોટલમાંથી તેજપ્રતાપનો સામાન બહાર કાઢ્યો:રાત્રે ૧ વાગ્યા સુધી રસ્તા પર ભટકતા રહ્યા પર્યાવરણમંત્રી

વારાણસી,તા.૮

બિહારના વન અને પર્યાવરણમંત્રી તેજપ્રતાપ યાદવનો સામાન વારાણસીની એક હોટલમાંથી બહાર ફેંકવામાં આવ્યો હતો. તેમને જાણ કર્યા વિના શુક્રવારે રાત્રે ૧ વાગે તેમનો સામાન હોટલના રિસેપ્શનમાં રાખવામાં આવ્યો હતો. એ દરમિયાન તેજપ્રતાપ તેમના મિત્રો સાથે અસ્સી ઘાટની મુલાકાતે ગયા હતા. જ્યારે તેઓ હોટલ પરત ફર્યા ત્યારે તેમણે જોયું કે સામાન બહાર પડ્યો હતો. એ પછી તેજપ્રતાપના અંગત



સહાયક મિસાલ સિન્હાએ આ મામલે સિગરા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરી છે.

તેજપ્રતાપ યાદવ પોતાના અંગત પ્રવાસે વારાણસી આવ્યા હતા. હોટલ-સંચાલકના આ કૃત્યની પોલીસને જાણ કરવામાં આવી છે. આ ઘટના વારાણસીના સિગરા વિસ્તારની આર્કેડિયા હોટલની છે.

હોટલ મેનેજમેન્ટનું કહેવું છે કે મંત્રીના નામે રૂમ નંબર ૨૦૫ અને ૨૦૬ બુક કરવામાં આવ્યા હતા. શુક્રવારે બપોરે ૧૨ વાગ્યે મંત્રીએ રૂમ ખાલી કરવાનો હતો, પરંતુ તેમણે રૂમ ખાલી કર્યો નહીં. આ રૂમ ચેન્નઈના એક મહેમાન દ્વારા ઓનલાઈન બુક કરવામાં આવ્યો હતો.હોટલ મેનેજમેન્ટનું કહેવું છે કે અમે મંત્રીના સ્ટાફની સામે તેમનો સામાન બીજા રૂમમાં શિફ્ટ કરી રહ્યા હતા. આ વાતે તેમને ગુસ્સો આવ્યો. બંને રૂમમાંથી બહાર નીકળી કારમાં બેઠા. મંત્રીજીનો રૂમ આજ સવાર સુધી તેમના નામે બુક હતો, પરંતુ તેઓ રાત્રે જ જતા રહ્યા. હોટલ મેનેજમેન્ટનું કહેવું છે કે મંત્રીજી કન્ફ્યુઝ થઈ ગયા હતા.

ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે મંત્રી તેજપ્રતાપ રૂમ નંબર ૨૦૬માં રોકાયા હતા. રૂમ ૨૦૫ની બાજુમાં તેમના અંગત સહાયકો અને સુરક્ષા ગાર્ડ હતા. તેઓ સવારે ૧૧ વાગ્યે અસ્સી ઘાટ ખાતે મંદિરનાં દર્શન અને ગંગા આરતી માટે નીકળ્યા હતા. મધરાતે ૧૨ વાગે પરત ફર્યા ત્યારે તેમનો સામાન રિસેપ્શન પર રાખવામાં આવ્યો હતો.

મંત્રીનો રૂમ ૨૦૬ પરવાનગી વગર ખોલવામાં આવ્યો હતો, જે તેમની સુરક્ષા માટે પણ જોખમી છે. આ દરમિયાન તેમનો એક સ્ટાફ દિલાવર પણ હાજર હતો. તેને રૂમ નંબર ૨૦૫માંથી બહાર કાઢીને રિસેપ્શન પર બેસાડવામાં આવ્યો હતો. આ કામ નિયમો વિરુદ્ધ છે. તાત્કાલિક કાર્યવાહી કરો

## અનુપમ ખેરની માતા દુલારી ખેરે પીએમ મોદીની ડિગ્રી પર પ્રશ્ન કરનારનો ઉધડો લીધો

પટણા,તા.૮

અનુપમ ખેરની માતા દુલારી ખેરે પીએમ મોદીની ડિગ્રી પર પ્રશ્ન કરનારનો ઉધડો લીધો. દુલારીએ કહ્યું કે 'પીએમ મોદી આટલા બધા કામ કરે છે, ઘણા લોકો સાથે બેસે છે, શું તેઓ શિક્ષિત નથી. તેમના જણાવ્યા અનુસાર માત્ર અભ્યાસથી કઈ થતું નથી મગજ હોવું સૌથી વધારે જરૂરી છે.' દુલારીએ એવા લોકોને જવાબ આપ્યો છે જેઓ આજકાલ પીએમ મોદીની ડિગ્રી સાર્વજનિક કરવાની માંગણી કરી રહ્યા છે. હાલમાં જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે 'દેશને શિક્ષિત વડાપ્રધાનની જરૂર છે.'

પીઢ અભિનેતા અનુપમ ખેરે પોતાના સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તેઓ તેમની માતા દુલારી અને ભાઈ રાજુ ખેર સાથે સવારની ચા પીતા જોવા મળી રહ્યા છે. આ દરમિયાન સામે એક ટીવીમાં પીએમ મોદીનું ભાષણ ચાલી રહ્યું હતું. ત્યારે અનુપમ તેમની માતાને કહે છે, 'મમ્મી, આજકાલ લોકો કહે છે કે મોદીજી ભણેલા નથી.' તેના જવાબમાં માતાએ કહ્યું, 'જે કરોડો લોકોને ભણાવે છે, શું તે શિક્ષિત નથી? તમે તેને ભણાવો, તે તમારા જેવા ૧૦ લોકોને શીખવશે..આજકાલ તો ભણેલા-ગણેલા લોકો પાસે પણ મગજ નથી હોતું, તેથી જ ભણતર નહીં મગજ મહત્વનું છે.'અનુપમ ખેરની માતા દુલારી પીએમ નરેન્દ્ર મોદીની મોટી પ્રશંસક છે. અનુપમ ખેર સોશિયલ મીડિયા પર દરરોજ પોતાના વીડિયો શેર કરતા રહે છે, જેમાં તે પીએમ મોદીના વખાણ કરતી જોવા મળે છે. આ ૨૬ જાન્યુઆરીએ તેમણે પીએમ મોદીને ફરીથી ચૂંટણી જીતવા માટે આશીર્વાદ આપ્યા હતા.

## 'કેટલાક લોકો વિદેશની ધરતી પર દેશની છબી ખરાબ કરી રહ્યા છે': ઉપરાષ્ટ્રપતિ ધનખડના રાહુલ ગાંધી પર પ્રહાર

નવીદિલ્હી,તા.૮

ઉપરાષ્ટ્રપતિ ગજદીપ ધનખડે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે, કેટલાક લોકો વિદેશ જઈને ભારતની છબી ખરાબ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તે ખૂબ જ દુઃખ ભર્યું છે. આ લોકોએ તેમના શબ્દો પર ધ્યાન આપવું જોઈએ.

ધનખડ દિલ્હીમાં સમાજ સુધારક સ્વામી દયાનંદ સરસ્વતીની જન્મજયંતિના અવસર પર વાત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, તે ખૂબ જ દુઃખદ છે કે કેટલાક લોકો વિદેશની ધરતી પર દેશની છબીને કલંકિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવા લોકોને રોકવા જોઈએ. જો કોઈ વ્યક્તિના હૃદયમાં ભારત માટે થોડો પણ પ્રેમ હશે તો તેઓ હંમેશા દેશની પ્રગતિની વાત કરશે. તેમજ દેશને કેવી રીતે સુધારી શકાય તેની ચર્ચા કરશે.

તેમણે કહ્યું કે, નેતાઓને વિદેશ જઈને દેશની કમી પર વાત કરવાને બદલે તેના પર ધ્યાન આપવુ જોઈએ કે, તેઓ શું બોલી રહ્યા છે. કેટલાક લોકોએ શું બોલવું જોઈએ તેના પર સુધારો કરવો જોઈએ.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આઈડિયાઝ ફોર ઈન્ડિયા કોન્ફરન્સમાં ભાગ લેવા લંડનની કેમ્બ્રિજ યુનિવર્સિટી પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કોંગ્રેસની હારનું કારણ જણાવ્યું હતુ અને સાથે જ ભારતીય જનતા પાર્ટી અને આરએસએસ પર આકરા પ્રહારો કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન જ્યારે રાહુલ ગાંધીને પૂછવામાં આવ્યું હતું કે, ભાજપ શા માટે ચૂંટણી જીતી રહી છે? કોંગ્રેસ કેમ હારી રહી છે? તો જવાબમાં રાહુલે કહ્યું કે, ધ્રુવીકરણ અને મીડિયાના સંપૂર્ણ વર્ચસ્વથી ભાજપને ફાયદો થયો છે. વધુમાં, આરએસએસએ એક માળખું બનાવ્યું છે જેણે મોટા પાયે પ્રવેશ કર્યો છે.

## ભારત-ચીન સરહદે આવેલા ગામ કિબિથુમાં વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામની શરૂઆત કરાશે

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ અરુણાચલ પ્રદેશની મુલાકાતે

નવીદિલ્હી,તા.૮

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ અરુણાચલ પ્રદેશની મુલાકાતે જશે. આ દરમિયાન તેઓ ભારત-ચીન સરહદે આવેલા એક ગામ કિબિથુમાં વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામની શરૂઆત કરશે. ભારત સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫૦૨૬ માટે ખાસ રીતે રોડ કનેક્ટિવિટી માટે ૨૫૦૦ કરોડ રૂપિયા સહિત ૪૮૦૦ કરોડ રૂપિયાના સેન્ટ્રલ કમ્પોનન્ટ સાથે વાઈબ્રેન્ટ વિલેજ પ્રોગ્રામની મંજૂરી આપી છે.

વીવીપી એક સેન્ટર સ્પોન્સર્ડ પ્રોજેક્ટ છે. જે હેઠળ સરહદ પાસે આવેલા અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ, અને હિમાચલ પ્રદેશ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખના ૧૯ જિલ્લાના ૪૬ બ્લોકમાં ૨૯૬૭ ગામનો મોટા પાયે વિકાસ કરવામાં આવશે. પહેલા તબક્કામાં શરૂઆતના કવરેજ માટે આંધ્ર પ્રદેશમાં ૪૫૫ સહિત ૬૬૨ ગામની ઓળખ કરાઈ છે.

નિવેદનમાં કહેવાયું છે કે વીવીપી બોર્ડર પાસે આવેલા ગામડાઓમાં રહેનારા લોકોના જીવનમાં સુધારો કરવામાં મદદ કરશે અને લોકોને પોતાની મૂળ જગ્યાઓ પર રહેવા માટે પ્રોત્સાહન આપશે, જેનાથી ગામડાઓમાંથી થતા પલાયનને રોકવામાં અને સરહદની સુરક્ષા વધારવામાં મદદ મળશે.

જિલ્લા પ્રશાસન, બ્લોક અને પંચાયત સ્તર પર સારી સિસ્ટમની મદદથી કેન્દ્ર અને રાજ્યની યોજનાઓની ૧૦૦ ટકા જવાબદારી નક્કી કરવા માટે આ ગામડાઓ માટે બ્લૂ પ્રિન્ટ તૈયાર કરવામાં આવશે. ગામડાઓમાં જે ક્ષેત્રોમાં વિકાસ કરવામાં આવશે, તે છે- રોડ નેટવર્ક, પાણી, સોલર અને વિંડ એનર્જી, અને ઈલેક્ટ્રિસિટી, મોબાઈલ અને ઈન્ટરનેટ કનેક્ટિવિટી, ટુરિસ્ટ સેન્ટર, મલ્ટીપર્પઝ સેન્ટર અને હેલ્થકેર.

અમિત શાહ અરુણાચલ પ્રદેશના પોતાના પહેલા પ્રવાસમાં ૧૦ એપ્રિલના રોજ કિબિથુમાં સ્વર્ણ જયંતી સીમા રોશની પ્રોગ્રામ હેઠળ બનેલા રાજ્યના નવ માઈક્રો હાઈડ્રો પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. આ ઈલેક્ટ્રિસિટી પ્રોજેક્ટ્સ ગામડાઓમાં રહેતા લોકોના જીવનને વધુ સારું બનાવશે.

## તંત્રી સ્થાનેથી...

# માનનીયો માટે પણ 'એક દેશ-એક પેન્શન' હોવું જોઈએ



*ગત દિવસોમાં કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે સરકારી કર્મચારીઓ માટે રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી (એનપીએસ)માં સુધારા માટે એક સમિતિની રચના કરવાની જાહેરાત કરી. યાદ રહે કે કેન્દ્ર સરકારે ૨૦૦૪માં નાણાંકીય બોજને ધ્યાનમાં રાખતાં જૂની પેન્શન પ્રણાલી (ઓપીએસ) બંધ કરી દીધી હતી. તેની જગ્યાએ નવી પેન્શન પ્રણાલી (એનપીએસ) લાવ્યા હતા. હવે દેશમાં ફરીથી ઓપીએસ લાગુ કરવાની માંગ ઊઠી રહી છે. તેને જોતાં વિપક્ષી દલો દ્વારા શાસિત કેટલાંક રાજ્યો - છત્તીસગઢ, ઝારખંડ, રાજસ્થાન, પંજાબ અને હિમાચલ પ્રદેશે ઓપીએસ અપનાવી લીધી છે. ત્યાં જ અન્ય કેટલાય રાજ્યોએ પણ તેના પર વિચાર કરવા માટે સમિતિઓ બનાવી છે. હવે બધાની નજરો તેમના રિપોર્ટ પર ટકેલી છે, કારણ કે માનવામાં આવે છે કે આગળનો નિર્ણય એમની ભલામણો પર જ કરવામાં આવશે.*

*જોકે આ દરમ્યાન એક સવાલ ઊભો થાય છે કો જો સરકારોને નાણાંકીય બોજની એટલી જ ચિંતા હોય તો પછી તેઓ સાંસદો અને ધારાસભ્યો માટે પણ 'એક દેશ એક પેન્શન'ની વાત કેમ નથી કરતી? સરકાર જનપ્રતિનિધિઓને એનપીએસના ફાયદા કેમ નથી સમજાવી શકતી? જનસેવા માટે જાતે જ આગળ આવેલા આ માનનીયો એક દિવસની પણ જનસેવાની કિંમત આજીવન પેન્શન રૂપે વસૂલી રહ્યા છે. જ્યારે સરકારી વિભાગોમાં પોતાનું સમગ્ર જીવન ખપાવી ચૂકેલા વ્યક્તિના ૧૦ ટકા પગાર કપાત બાદ પણ વૃદ્ઘત્વ અસુરક્ષિત છે. સામાન્ય રીતે કોઈપણ નેતા જેટલી વાર એમપી-એમએલે બને છે, તેનું પેન્શન એ હિસાબે વધતું જાય છે. સાથે જ જો કોઈ નેતા ધારાસભ્ય અને વારાફરતી લોકસભા-રાજ્યસભા સદસ્ય એટલે કે ત્રણેય રહી ચૂક્યા હોય તો તેને ત્રણેયનું પેન્શન મળે છે! જે દેશમાં ૮૦ કરોડ લોકોને મફતમાં અનાજ આપવામાં આવી રહ્યું હોય, ત્યાં શું આવી જનતાના પ્રતિનિધિઓએ રાજાની જેમ રહેવું જોઈએ? લગભગ ૮૫ ટકા સાંસદ કરોડપતિ છે. આ જ માનનીય ફક્ત ૬૦૦ રૂપિયાની સામાજિક સુરક્ષા પેન્શનથી જનતાના ગુજારાની વાત કરે છે અને એનપીએસને વધુ સારી સ્કીમ ગણાવે છે.*

*સાંસદોને ૧૯૭૬માં ૩૦૦ રૂપિયા પ્રતિ મહિને મળનારા મૂળ પેન્શન ૨૦૧૮માં ૨૫,૦૦૦ રૂપિયા (અન્ય ભથ્થાં અલગથી) પ્રતિ મહિનો કરી દેવામાં આવ્યા. તે ઉપરાંત એક સાંસદના નિધન થવાની સ્થિતિમાં તેના પતિ કે પત્ની માટે ફેમિલી પેન્શનની અલગથી વ્યવસ્થા છે. જોગવાઈ તો એ પણ છે કે દર પાંચ વર્ષ પર સાંસદોના વેતન અને પેન્શનમાં સંશોધન કરવામાં આવશે. લગભગ ૨૬૦૦ પૂર્વ સાંસદો/આશ્રિતોને ફેમિલી પેન્શન મળી રહ્યું છે, જેના પર લગભગ ૨૦૦ કરોડ રૂપિયા દર વર્ષે ખર્ચ થઈ રહ્યા છે. એક આરટીઆઈથી મળેલા જવાબ અનુસાર દર વર્ષે પ્રત્યેક સાંસદને વેતન અને ભથ્થાં રૂપે સરેરાશ ૩૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવે છે. ૨૦ રાજ્યો તો એવાં છે, જે પોતાના પૂર્વ ધારાસભ્યોને કોઈ સાંસદ કરતાં વધારે પેન્શન આપે છે. આજે મણિપુરમાં એક પૂર્વ ધારાસભ્યને દર મહિને ૭૦ હજાર રૂપિયાનું મૂળ પેન્શન મળે છે. તેમાં અન્ય ભથ્થાં જોડાયા બાદ પેન્શનની રકમ બેથી ત્રણ ગણી વધી જાય છે. એવા કેટલાય પૂર્વ સાંસદો/ધારાસભ્યોને પણ પેન્શન આપવામાં આવી રહ્યું છે, જેમનો કાર્યકાળ થોડા સમય માટે જ હતો. ઉદાહરણ તરીકે આંધ્ર પ્રદેશની મુમિદિવરમ વિધાનસભા સીટ પર ૧૯૯૪થી ૧૯૯૮ વચ્ચે ત્રણ ધારાસભ્ય રહ્યા. સૌથી પહેલાં ત્યાંથી કોંગ્રેસના બી.સુબ્બારાવ જીત્યા હતા. બે વર્ષ બાદ પેટા ચૂંટણી થઈ અને તેલુગુ દેશમ પાર્ટીના જીએમસી બાલાયોગી ધારાસભ્ય બન્યા. બાદમાં તો તે લોકસભા સ્પીકર બની ગયા અને ફરીથી થયેલ પેટાચૂંટણીમાં વિવેકાનંદ ધારાસભ્ય ચૂંટાયા. આ રીતે એક સીટ અને એક જ કાર્યકાળ માટે ત્રણેય ધારાસભ્યોને પેન્શન ચાલુ થયું! દર વર્ષે ઉત્તર પ્રદેશ ૧૦૦ કરોડ, હરિયાણા ૩૫ કરોડ, રાજસ્થાન ૪૦ કરોડ, મહારાષ્ટ્ર ૮૦ કરોડ અને બિહાર ૬૦ કરોડ રૂપિયા પોતાના પૂર્વ ધારાસભ્યોના પેન્શન અને અન્ય ભથ્થાં પર ખર્ચ કરે છે.*

---

ટેઈક ઓફ
હળવેથી પાંખો સંકોરી,
ટ્રાફિક કંટ્રોલ ટાવરની મદદ વિના,
કંપાઉન્ડની દિવાલ પર,
સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું!
આરસ પર ડાબે જમણે ચાંચ ઘસી.
એક પેકેટ જોઇ
આંખમાં ચમક આવી.
આમ તેમ જોઇ,
સબ સલામતીની ખાતરી કરી,
પેકેટ પર ચાંચ પ્રહાર કર્યો!!
અંદર ખાદ્ય પદાર્થ હોવાની આશંકા.
અંદર રહેલી જુવાર તૂટેલા પેકેટમાંથી દદડી.
કાયમ દ્રાક્ષ ખાટી હોતી નથી.
જુવાર પણ બેસ્વાદ હોય છે.
કાગડો ભયંકર નિરાશ થયો.
આકાશમાં ઊંચું જોઇ મોટેથી,
'કા કા કા 'કરી ગુસ્સો કાઢ્યો.
આરસ પર ચરકયો.
પછી
ક્યાંક બીજે જવા પાંખ ખોલી,
ટેઈક ઓફ કર્યું!!
ભરત વૈષ્ણવ
૮.૪.૨૦૨૩.

---

# ઇતિ શ્રી ખાડાયણસ્ય કથા

આપણા તંત્રો બીજું કંઇ કરે કે ના કરે પણ આ કામ અવશ્યપણે કરે છે. ના એવું કંઇ લોકહિતનું કામ નથી. જયાં પાણી ન હોય ત્યાં હેન્ડપંપ લગાવે છે. જયાં પાણી ન હોય ત્યાં ઓવરહેડ વોટર ટેક્ર બનાવે છે. પીવાનું પાણી નથી ત્યાં બાર કરોડ શૌચાલય બનાવ્યા છે. એકવાર માટે દસ લીટર પાણી વપરાય તો શૌચાલય વાપરવા માટે ચંદ્ર કે મંગળ પરથી ઇ-પાણી કે ડીજીટલ પાણી ડાઉનલોડ કરવું પડે. રોટલી ગુગલ પરથી ડાઉનલોડ થાય ત્યારે થશે!!

બીએસએનએલનું બીજું નામ ગઢ્ઢા ખોદ વિકાસ નિગમ હોવું જોઇએ. નગરપાલિકાએ ચકાચક રોડ બનાવ્યા હોય એટલે હીએસએનએલ, જીઇબી કે પાણીપુરવઠાવાળાને રોડ પર ખાડો ખોદવાની ખંજવાળ ઉપડે!! આપણને શરીરના ભાગમાં ખંજવાળ કે ચળ આવે તે ભાગ સુધી હાથ પહોંચે તો લોહીનો ટશિયો ફૂટે ફૂટે ત્યાં સુધી વલૂરી નાંખીએ.

જૂના જમાનામાં ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરો એમ કહેવાય છે. હવે રોડે રોડે ખાડા-ભૂવાના ડાયરા. બાર ગાઉએ બોલી બદલાય છે! પણ બાર ગાઉએ ખાડા બદલાય તે ખબર નથી!!!

આપણે કહેવત સાંભળી છે કે ખાડો ખોદે તે પડે. પણ શહેરોમાં ખાડો રોડવાળા, પાણીવાળા, ટેલીફોનવાળા, ગટરવાળા કે લાઇટવાળા ખોદે છે. આ ખાડામાં નિર્દોષ પ્રજા પડે છે અને હાડકા ખોખરા કરે છે. આમ, તંત્ર પ્રજાને ખાડામાં ઉતારે છે!!

ખાડા માટે ,ખાડા થકી કવિઓ સમૃદ્ધ થયા છે. કોઇ છોકરીના ગાલને ઉદેશીને નહીં પણ મહાનગરપાલિકાને સંબોધીને શાયર મુકુલ ચોકસી કહે છે,"પ્રેમ એટલે કે,

તારા (ગાલોના )ખાડામાં ડૂબી જતા મારા ચોર્યાસી લાખ વહાણોનો કાફલો!

યુવાન કવિ સ્નેહલ મુઝુમુદારે ખાડાને જુદા જુદા છંદમાં લાડ લડાવી માથે ચડાવ્યો છે. સ્નેહલ કહે છે,"ન

શિખરિણી
અમારા એ ખાડા સળક પરના કાળ સરખા
વિશાળી કાયાએ સકલ પથને બાથ ભરતા
મહામોટા ઊંડા યુગયુગ સુધી વાસ કરતા
વધો એ ખાડાઓ અમર થઈને રાજ કરવા

અનુષ્ટુપ
ખાડા ડુંગરના જેવા પાતાળમાં બિરાજતા
ધડામ ઊછળે જે સૌ વાહનોને નિહાળતા

મંદાક્રાંતા
રે ખાડાઓ સુખથી પડજો સ્નેહથી સંચરીને
જ્યાં ત્યાં કાપો કરવટ વડે ડામરી વીથિકાઓ
ચોમાસામાં અધિક જઈને માર્ગમાં ખૂબ નીચે
ને ફેલાવો સકલ કદને ભૂ મહીં ચો દિશાએ

વસંતતિલિકા
ત્યાં ધૂળ દૂર નજરે ઊડતી પડે છે
ખાડા મહીં થથરતી તુજ કાર આવે
ટોળે વળી મુખ વિકાસી ઊભા રહીને
તે કારને કુતૂહલે સહુ બાલ જોતા

શાર્દૂલવિક્રીડિત
શા માટે પથને સપાટ કરવા, ખાડા બધા પૂરવા
ખાડાઓ શણગાર શાન સરખા એવી ધરા છે અહીં
કાળા ડામરના સપાટ પથના શૃંગાર ખાડા તણા
ઊંડા, ગોળ અને વિશાલ કદના, ખાડા ભલે શોભતા

શિખરિણી
ઊછાળે, હંફાવે, પરિવહનના સર્વ રથશા
હતા કેવા ઊંડા અમ વતનની શાન સરખા
હવે સૂના ભાસે બજત ભણકારા પથ તણા
ગયા ખાડા વ્હાલા, સહિયર સમા રાહબરના

શાર્દૂલવિક્રીડિત
ખાડા ખોડ નથી કદી સડકના, હોનારતો ટાળતાં
ગાંડાતૂર બની ધમાલ કરતા, સૌ લોકને વારતાં
રાજા રંક બધાં જ ધ્યાન ધરતાં, બેફામ ના હાંકતા
ખાડાના પરતાપ આ સમજજો, વીમા અને આપણા

અનુષ્ટુપ
ખાડાનાં સ્મરણો આવાં ખૂટાડ્યાં ખૂટતાં નથી
માર્ગમાં જો નથી ખાડા, માર્ગ તો સૂઝતા નથી

શાર્દુલવિક્રીડિત
આ ચાર પંક્તિઓ મંગલાષ્ટકના રાગમાં ગાવી
ખાડા શોભત ગાલ રાહ ઉભયે વૃદ્ધિ કરે રૂપની
ખાડાથી જ સલામતી વહનની, ઓછી કરે છે ગતિ
ખાડા જીવનનો નિચોડ વદતા, લીસી નથી જિંદગી
ખાડા હીન કદી નથી મલકતી, સિદ્ધિ તણી સુંદરી

આપણા સદાબહાર કવિ મહાનગરપાલિકાને કહે છે,

"ખોદ્યા કરે ખાડા હમેશ તું રમેશમાં.

જયારે રમેશ નામનો એક ખારવો ડૂબ્યો"

શાયર બંકિમભાઇ મોતીવાલા મહાનગરપાલિકાના મેયરને હળવાશથી પૂછે છે ,"તું હસે છે જયારે જયારે ત્યારે ત્યારે તારા ગાલ માં ખાડા પડે છેપ.

હું વિચારું છૂ બેઠો બેઠો કે મારા સિવાય આ ખાડા માં કેટલા પડે છે."

અશરાફ ડબ્બાવાલા રોડને દોષ દેતાં લોકને કહે છે," અમારી દુર્દશા માટે તમારા વાંક શું ગણવા ?

છળે શ્વાસો જ અમને તો હવાના વાંક શું ગણવા ?"


આટલા ખાડા કાવ્યો ખાડામાં નાંખ્યા પછી અમે કાંઇ ઝાલ્યા રહીએ? અમને થયું કે અમે પણ એક ખાડા કાવ્ય ઠપકારીએ છીએ

" આમ,તો સાવ ભોળોભટાક લાગે છે,
લુચ્ચો ખાડો ૩૦૨ નો આરોપી લાગે છે"

ભરત વૈષ્ણવ
૮.૪.૨૦૨૩.#હાસ્ય

---

મારે પણ
કંઈક કહેવું છે!
વર્ગમાં વહેતાં ઝરણાં...કોણે દીઠાં?




મારે પણ કંઈક કહેવું છે! વર્ગમાં વહેતાં ઝરણાં...કોણે દીઠાં? ડૉ. રાકેશ રાવતે કરેલ સંપાદિત પુસ્તક છે. ૧૫૦ કિંમતનું આ પુસ્તક છે. પુસ્તક ના સંપાદક રાકેશ રાવતે પોતાના વિચારો રજુ કરેલ છે. રાકેશભાઈ રાવત આણંદ હાઈસ્કૂલમાં છેલ્લા ૧૪ વર્ષથી ગુજરાતી વિષયના શિક્ષક છે. રાકેશભાઈ એ વિદ્યાર્થીને વાંચવા પ્રેર્યા ને લખતાં પણ કર્યા. વિદ્યાર્થીની અંદર સચવાયેલ વર્ગખંડ સિવાય પણ ઘર સુધી પણ પહોંચીને વિદ્યાર્થીનો નવો પરિચય મેળવીને વિદ્યાર્થીની નજીક આવવા પ્રયાસ કરેલ છે. વિદ્યાર્થીને અભિવ્યક્ત થવાની અનુકુળતા અને પ્રોત્સાહન આપે એ જ ખરો શિક્ષક. અનુભવોને સંગ્રહિત કરીને પુસ્તકરૂપ આપ્યું. જેમાં ૧૧૨ પેજ માં છે. જેમાં ૧૧ થી ૧૦૦ પેજ માં સમાયેલ વિદ્યાર્થીઓની વિદ્યાર્થીની અંદર સચવાયેલ ટહુકા છે.

'ખરા શિક્ષકનું ઊગી નીકળેલું કામ'મનસુખ સલ્લા કહે છે કે, 'રાકેશભાઈ રાવત નીવડેલા શિક્ષક છે. તેમણે આવી નમૂનેદાર પ્રવૃત્તિને શિક્ષણક્ષેત્રમાં કાર્ય કરનાર સુધી પહોંચાડી છે. તેઓ હજુ વધુને વધુ અને નવુંનવું ખેડાણ કરતા રહેશે એવી આશા રાખી શકાય તેમ છે. તેમણે હું હૃદયપૂર્વકની વધાઈ આપું છું.

અને 'વર્ગથી ઘર સુધી....' શીર્ષક હેઠળ દિપક તેરૈયાએ આપેલ પ્રતિભાવમાં 'રાકેશભાઈ રાવત પોતે એક તળના માણસ છે. હૃદયપૂર્વકના શિક્ષક છે. અને એટલે જ એ પોતાના વિધાર્થીઓ સાથે બેન્ચ, પાટલી, નોટ, પેન, ચોક, ડસ્ટર, બ્લેકબોર્ડ, પ્રોજેક્ટર સિવાયના જીવન સાથે જોડાયેલા અનુભવની પાઠશાળાની ગોઠડી માંડે છે.' આવાં શિક્ષક એટલે રાકેશભાઈ રાવત.

એક દિવસ વાત-વાતમાં વર્ગમાં કહ્યું કે જેને પણ જીવનમાં સુખ કે દુઃખ, તમારા મનની વાત, તમારી કલ્પના જે પણ લખવું હોય એ તમે લખી શકો છો. એમ રાકેશભાઈના કહેવાથી સંકોચ નિ:સંકોચ સાથે બાળકો એ લખ્યું.

સ્વજન મૃત્યુ, ઘરના પ્રસંગો, બાળપણ ના મસ્તી તોફાન, સંસ્મરણો,મારા જીવનના અનુભવો, પોતાના ગામ વિશે, જિંદગીના યાદગાર પ્રસંગો, પપ્પાની બહાદુરી, બાળપણના પરાક્રમો, જન્મદિવસે મળેલ ભેટ, દાદા, ભાઈ, જેવા અનેક પ્રસંગો બાળકોએ એમની ભાષા,એમના શબ્દોમાં આલેખ્યા. પરતું આ બધા જાં વિષયમાં સોથી વધુ મમ્મી ને દાદા બાળકોને સોથી વધુ વિષય લખવામાં આકર્ષ્યા છે.

૧૦૧ પેજ પર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતી કેટલીક ફિલ્મો જે ૩૫ ફિલ્મોના નામ ની સૂચી જોઈ શકાય છે. ૧૦૨ને ૧૦૩પેજ માં શિક્ષણ સંદર્ભે કેટલાક મહત્ત્વના પુસ્તકો વિશે માહિતગાર કરેલ છે. જેમાં ૩૯ પુસ્તકની યાદી પ્રાપ્ત થાય છે.

પેજ નં. ૧૦૪ પર 'આભલે અજવાળાં પાથરનાર ભાષાસાધકો' શીર્ષક હેઠળ ગુજરાતી ભાષાના ઉત્તમ એવા ડૉ.સુરેશ મકવાણા, માવજી મહેશ્વરી, જેવાં ૧૦૦ ઉપરાંત સાધકો મળી રહે છે.

પુસ્તક પરિચય : ભારતી વાઘેલા..વડોદરા

---

## મહારાષ્ટ્રમાં ફરી કોરોના વકર્યો, ૧ દિવસમાં ૧૫ ટકા જેટલા કેસનો વધારો, ૩ લોકોના મોત

મુંબઇ,તા.૮

મહારાષ્ટ્રમાં કોરોનાવાયરસના ૯૨૬ કેસ નોંધાયા હતા, જે ગુરુવારે ૮૦૩ થી વધુ કેસ છે. તે જ સમયે, આ દરમિયાન ૩ લોકોના મોત પણ થયા છે. રાજ્યમાં કોરોના વાયરસના આટલા કેસો સામે આવ્યા બાદ અત્યાર સુધીમાં કુલ કેસોની સંખ્યા વધીને ૮૧,૪૮,૫૯૯ થઈ ગઈ છે. જેમાં મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૧,૪૮,૪૫૭ લોકોના મોત થયા છે.મુંબઈમાં ૨૪ કલાકમાં ૨૭૬ નવા કેસ નોંધાયા છે, જે પાછલા દિવસ કરતા ૨૭ ટકા વધુ છે. જ્યારે ગોંદિયા, કોલ્હાપુર અને રાયગઢમાં ત્રણ મોત થયા છે. તે જ સમયે, છેલ્લા ૨૪ કલાકમાં ૪૨૩ લોકો સાજા થયા છે. જે બાદ કોવિડથી સાજા થયેલા લોકોની સંખ્યા વધીને ૭૯,૯૫,૬૫૫ થઈ ગઈ છે. આ સાથે રાજ્યમાં સક્રિય કેસની સંખ્યા વધીને ૪,૪૮૭ થઈ ગઈ છે.કોરોના વાયરસના સંક્રમણના વધતા જતા કેસોની વચ્ચે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ શુક્રવારે સમીક્ષા બેઠક યોજી હતી અને રાજ્યોને સતર્ક રહેવા અને કોવિડ-૧૯ મેનેજમેન્ટને લગતી તૈયારીઓની તપાસ કરવા જણાવ્યું હતું. માંડવિયાએ રાજ્યોને સંક્રમણના વધુ કેસ ધરાવતા સ્થળોની ઓળખ કરવા, પરીક્ષણ વધારવા, માળખાગત સજ્જતા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.બીજી તરફ, મહારાષ્ટ્રમાં વિપક્ષના નેતા અજિત પવારે શુક્રવારે કહ્યું કે, રાજ્ય સરકારે કોવિડ -૧૯ સંબંધિત પરિસ્થિતિ પર તાત્કાલિક ધ્યાન આપવું જોઈએ કારણ કે કેસ વધી રહ્યા છે. પવારે પુણેમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ×તાજેતરમાં પૂરા થયેલા વિધાનસભા સત્ર દરમિયાન, અમે રાજ્ય સરકારને તેણે લીધેલા પગલાં વિશે પૂછ્યું હતું અને કોવિડ-૧૯ એ પરિસ્થિતિનો સામનો કરવા માટે સક્ષમ બનવાની યોજના વિશે પૂછ્યું હતું.

---

## પાકિસ્તાન આતંકવાદ વિરુદ્ધ 'ઓપરેશન ઓલ આઉટ' ચલાવશેઃ પ્રતિબંધિત સંગઠનો સામે પગલાં લેશે;

ઈસ્લામાબાદ,તા.૮

પાકિસ્તાને આતંકવાદ વિરુદ્ધ ઓપરેશન ઓલઆઉટ શરૂ કરવાની જાહેરાત કરી. તે ઓપરેશનમાં પ્રતિબંધિત સંગઠનો સામે કાર્યવાહી કરશે. આ નિર્ણય રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠકમાં લેવામાં આવશે. આ બેઠકની અધ્યક્ષતા પીએમ શાહબાઝ શરીફે કરી હતી. જિયો ન્યૂઝના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ અસીમ મુનીર, જનરલ શમશાદ મિર્ઝા, કેન્દ્રીય રક્ષા અને નાણામંત્રી સહિત પાકિસ્તાનના ટોચના નાગરિક અને સૈન્ય અધિકારીઓએ હાજરી આપી હતી.આ ઓપરેશન દ્વારા પાકિસ્તાનમાંથી આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવામાં આવશે. એના માટે સૈન્યના ઉપયોગ સિવાય રાજકીય, રાજનૈતિક, આર્થિક અને સામાજિક પ્રયાસો પણ કરવામાં આવશે. સરકાર દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ ઓપરેશનને નવેસરથી જોશ અને સંકલ્પ સાથે શરૂ કરવામાં આવશે. આમાં સરકાર સાથે જનતાનો પણ સાથે લેવામાં આવશે.પાકિસ્તાનના ખૈબર-પખ્તુનખ્વામાં છેલ્લા ૩ મહિનામાં આતંકવાદી હુમલામાં ૧૨૭ પોલીસકર્મીના જીવ ગયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જાન્યુઆરીમાં ૧૧૬ પોલીસકર્મી, ફેબ્રુઆરીમાં ૨ અને માર્ચમાં ૯ પોલીસકર્મીનાં મોત થયાં હતાં. જાન્યુઆરીમાં પેશાવર પોલીસલાઈન્સમાં એક મસ્જિદ પર આત્મઘાતી બોમ્બ હુમલામાં ૯૬ સૈનિક માર્યા ગયા હતા.

---

## ચીનમાં ૯ વર્ષ પત્નીને કેદ કરીને રાખીઃજાનવરની જેમ સાંકળથી બાંધીને રાખતો હતો, કોર્ટે પતિને ફટકારી સજા; ત્રણ વખત મહિલાને વેચવામાં આવી હતી

બીજીંગ,તા.૮

ચીનમાં એક મહિલાને વર્ષો સુધી સાંકળોથી બાંધીને રાખવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. આ હાઈ-પ્રોફાઈલ કેસમાં કોર્ટે શુક્રવારે સજા સંભળાવી હતી. મહિલાના પતિ સહિત છ લોકોને જુદા જુદા આરોપમાં ૮ થી ૧૩ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

આ સમગ્ર મામલો ૨૦૨૨માં એક વ્લોગરના વીડિયો પરથી સામે આવ્યો હતો. જ્યારે તેને ચીનના દૂરના વિસ્તાર ફેંગશિયાનમાં એક મહિલા મળી, જેની ગરદનને સાંકળથી બાંધીને રાખવામાં આવી હતી. આ વીડિયો વાયરલ થયા બાદ ચીનના લોકોએ મહિલા માટે ન્યાયની માંગ કરી હતી.ગયા વર્ષે જ્યારે પકડાયેલી મહિલાનો એક વીડિયો વાયરલ થયો હતો, ત્યારે ચીનમાં મહિલાઓની તસ્કરીની ચર્ચા શરૂ થઈ હતી. એવું માનવામાં આવે છે કે આરોપી પતિ ડોંગના પિતાએ મહિલાને દાણચોર પાસેથી ખરીદી હતી. જો કે, શરૂઆતમાં સ્થાનિક પોલીસે આ સમગ્ર ઘટના મહિલા તસ્કરી સાથે સંબંધિત હોવાનો ઈનકાર કર્યો હતો. પછી જ્યારે સોશિયલ મીડિયા પર તે મોટો મુદ્દો બન્યો, ત્યારે યોગ્ય તપાસ શરૂ થઈ. લગભગ એક વર્ષ સુધી તપાસ ચાલ્યા બાદ કોર્ટે ચુકાદો આપ્યો હતો.

રિપોર્ટ અનુસાર, કોર્ટે નિર્ણયમાં મહિલાના આખા જીવન સાથે જોડાયેલી માહિતી આપી છે, જેનું નામ શિયાઓ હમેઈ છે. કોર્ટે કહ્યું કે ૧૯૯૮માં જ્યારે મહિલા ટીનેજર હતી ત્યારે તેનું યુનાન પ્રાંતમાં તેના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું. આ પછી તેને ડોંગાઈ પ્રાંતના એક ખેડૂતને ૬૦૦ ડોલર એટલે કે ૪૯,૦૦૦ રૂપિયામાં વેચી દેવામાં આવી હતી. એક વર્ષ પછી ૧૯૯૯માં આ મહિલાને ફરીથી એક દંપતીને વેચવામાં આવી. જ્યારે દંપતી ડોંગના પિતાના ફરી સંપર્કમાં આવ્યું ત્યારે મહિલાને ત્રીજી વખત તેને વેચવામાં આવી હતી. આ ચુકાદા દરમિયાન, ન્યાયાધીશોએ નોંધ્યું હતું કે ડોંગના પરિવારને વેચવામાં આવે ત્યાં સુધી મહિલા પોતાની સંભાળ રાખવામાં સક્ષમ હતી. લોકો સાથે યોગ્ય રીતે વાત પણ કરતી હતી. કોર્ટે કહ્યું કે ડોંગ અને તેના પરિવારે મહિલા પર અત્યાચાર કર્યો. તેને ૮ બાળકોને જન્મ આપવા મજબુર કરવામાં આવી હતી.કોર્ટે કહ્યું કે ત્રીજા બાળકના જન્મ પછી શિયાઓ હુઆમીની માનસિક સ્થિતિ બગડવા લાગી. તેને સ્કિઝોફ્રેનિયા હતો. તેમ છતાં તેના પતિએ તેની સાથે બળજબરીથી સંબંધ બાંધ્યા હતા. ડોંગે તેના પર ત્રાસ વધાર્યો. ૨૦૧૭માં ડોંગે તેને પરિવારથી દૂર એક રૂમમાં પુરી દીધી હતી. જેમાં ન તો વીજળી હતી કે ન તો પાણી. મહિલાને ખાવાનું પણ આપવામાં આવતું ન હતું. ન્યાયાધીશ યાઓ હુઈએ કહ્યું કે ડોંગે ક્યારેય તેની પત્નીની સારવાર ડૉક્ટર પાસે કરાવી નથી. મહિલાની બગડતી હાલત છતાં તેની સાથે સંબંધ બાંધતો હતો.

---

### અદાણીની તપાસ સામે કોઈ વાંધો નથી, પરંતુ

# મોંઘવારી- બેરોજગારીનો મુદ્દો આજે મહત્વપૂર્ણ છેઃ એનસીપી પ્રમુખ શરદ પવાર

મુંબઇ,તા.૮

શરદ પવારે તેમની પ્રેસ કોન્ફરન્સમાં ગૌતમ અદાણી પર આપેલા નિવેદન અંગે સ્પષ્ટતા આપી હતી. તેમણે કહ્યું કે જેપીસી તપાસનો કોઈ વિરોધ નથી, પરંતુ આજે મહત્વનો પ્રશ્ન મોંઘવારી, બેરોજગારીનો છે. તેના પર પણ ધ્યાન આપવું જરૂરી છે. ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના આરોપને લઈને અદાણીને નિશાન બનાવવામાં આવ્યા છે. તેમણે અદાણી વિરુદ્ધ જેપીસી તપાસની વિપક્ષની માગ પર પણ અસંમતિ વ્યક્ત કરી હતી. આ પછી વિપક્ષી એકતામાં ખટાશની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. આજે સવારે, શરદ પવારે તેમની પ્રેસ કોન્ફરન્સમાં આ મામલે સ્પષ્ટતા આપી હતી.તેમણે કહ્યું જેમાં વિપક્ષી સભ્યોની સંખ્યા ઓછી અને શાસક પક્ષના સભ્યોની સંખ્યા વધુ હોય તે સમિતિનો શું ફાયદો? વધુ સારું છે કે સુપ્રીમ કોર્ટ તપાસ કરે. મેં જેપીસીનો વિરોધ નથી કર્યો. પરંતુ તેઓ તેને બહુ અસરકારક નથી માનતા. તેમણે વધુમાં કહ્યું ધારો કે સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવી અને તેમાં ૨૧ સભ્યો હતા. તો બહુમતી હોવાથી ૧૫ સભ્યો ભાજપના હશે. શંકાને અવકાશ રહેશે. વધુ સારું છે કે સુપ્રીમ કોર્ટની કમિટી તપાસ કરે.

શરદ પવારે તેમની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે તેઓ ગૌતમ અદાણીના વખાણ નથી કરી રહ્યા, પરંતુ તેમના યોગદાનને કેવી રીતે નકારી શકાય. આજે મહારાષ્ટ્ર અદાણી પાસેથી સૌથી વધુ વીજળી મેળવે છે. એક સમય હતો જ્યારે કોઈ પણ વસ્તુ પર ટાટા-બિરલાનું નામ લેવામાં આવતું હતું. આજે ફરક એટલો આવ્યો છે કે અદાણીનું નામ લેવાય છે.રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ચીફ પવારે પણ કહ્યું કે મેં અદાણી પર આરોપ ન મૂકવા કહ્યું નથી.

પરંતુ મને લાગે છે કે આજે દેશ સમક્ષ મહત્વનો મુદ્દો અદાણી નથી. આજે સૌથી સળગતી સમસ્યા મોંઘવારી અને બેરોજગારી છે. ખેડૂતોની વધતી જતી દુર્દશા એ સૌથી મહત્વની સમસ્યા છે.જ્યારે શરદ પવારને પૂછવામાં આવ્યું કે હિંડનબર્ગ વિશે તેમનો શું અભિપ્રાય છે? તેમણે તેના ઉતરમાં કહ્યું કે, આરોપો લગાવવામાં આવી રહ્યા છે કે બહારની એજન્સી જાણીજોઈને દેશની અર્થવ્યવસ્થા અને ઉદ્યોગપતિઓને ડિમોટિવેટ કરીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે. જેના પર શરદ પવારે કહ્યું કે મને ખબર નથી કે હિંડનબર્ગ શું છે.

અદાણી ગ્રુપના મામલામાં જેપીસી તપાસ કરાવવાની માંગનું રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારે સમર્થન કર્યું નથી. તેમણે શુક્રવારે એક ઈન્ટરવ્યુમાં સુપ્રીમ કોર્ટમાં બનાવવામાં આવેલી કમિટીનું સ્વાગત કરતા કહ્યું કે તેની તપાસ ચાલી રહી છે. એવામાં આશા રાખીએ વધુ સત્ય બહાર આવશે. કોર્ટના ચુકાદા પછી જેપીસીની તપાસનું કોઈ જ મહત્વ રહેશે નહીં.પૂર્વ કેન્દ્રીય મંત્રી પવારના આ નિવેદન પછી કોંગ્રેસે એક નિવેદન બહાર પાડ્યું છે.

કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું કે શરદના પોતાના વિચાર હોઈ શકે છે. જયરામ રમેશે કહ્યું આ મામલામાં ૧૯ વિપક્ષોને એક છે. અમે આ સમગ્ર મામલાને ખૂબ જ ગંભીર માનીએ છીએ. તેમણે વધુમાં કહ્યું કે બીજેપીની વિરુદ્ધમાં એનસીપી સહિત ૨૦ વિપક્ષો સાથે છે.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO.140**
વિષય : રસથાળ
શીર્ષક : મઘમઘતી ખીચડી
શબ્દો :૮૪
મઘમઘતી ખીચડી

આવકારો મીઠો ના મળે તો છપ્પનભોગ પણ લાગે ફીકો.
ભાવ ભર્યું હોય જો મન તો સુક્કો રોટલોયે લાગે મીઠો ..

દુર્યોધનના સ્વાર્થ ભરેલાં પાંચ પકવાન છોડી હરિએ વિદુરની ભાજીમાં ભાવભર્યો રસથાળ ભાળ્યો.

શબરીનાં એંઠા બોરમાં, ભાવભક્તિની મીઠાશમાં
રામજીએ રસથાળ માણ્યો...

સુદામાના તાન્દુળમાં મિત્રતાની મીઠાશ ભળી, દ્વારિકાધીશે પોટલી ઝુંટવી મુઠ્ઠે મુઠ્ઠે રસલ્હાણ લૂંટી.

વનવાસી દ્રોપદીના અક્ષયપાત્રે ચોંટેલા ભાતના દાણા, રસથાળ બની ઋષિઓના જઠરાગ્નિ ઠાર્યા..

અન્નપૂર્ણાના હાથનાં થેપલાં,પૂરી ,શાક કુદરતી આફત ટાણે ભૂખ્યાંનો રસથાળ બને.

જમનાર જમાડનારનો ભાવ ભળે જ્યાં સદાકાળ, મઘમઘતી ખીચડી વીરપુરની પણ રસથાળ બને.

હેમા પિનાકીન ત્રિવેદી
કૃષ્ણપ્રિયા
અમદાવાદ
તા : ૭ / ૪ /૨૦૨૩
**********************************

**NOG SS No-106**
વિષય:★રસથાળ★
શીર્ષક: ★"तुम चाहते क्या हो"★
શબ્દ:૨૫૬
નામ:મુક્તિદા કુમાર
--------------------

★જમો જગ માત અંબાજી ધરાવું થાળ આ તમને!!★

આપણે આપણા ભગવાનને પણ ભાવતાં ભોજન જમાડીએ.

આપણી ઈચ્છાઓ પૂરી કરવા..મેલડી માતાની માનતા માનીએ! અને પ્રાણીઓના બલી ચઢાવતાં અચકાઈએ નહિ!

આપણી ભાવનાની નઝર સામે ઈચ્છાઓનો ★રસથાળ★★ સજ્યો સજાવેલો મૂકાઈ ગયો છે.

★"तुम चाहते क्या हो"★ એ થાળમાંથી તમારે જાતે જ ઉપાડવાનું છે.

આપણે જમણવા બેસીએ ત્યારે થાળીમાં બધું જ પીરસાઈ ગયું હોય. આપણે ભૂખની નઝરે એ થાળી તરફ જોઈએ! પણ હાથ તો પહેલો ત્યાં જ જશે.★જે વસ્તુ આપણને ભાવતી હશે★

કહેવાય છે ને કે "લાલ-પીળો ને વાદળી,એ મૂળ રંગ કહેવાય!બાકીના બીજા બધા મેળવણીથી થાય!" આ "રસથાળ"નું પણ એવું જ છે.

નવરસ-હાસ્ય,કરુણ,ઈર્ષ્યા
બિભત્સ,રૌદ્ર,આનંદ,દુ:ખ,
રસથાળનું મૂળ રૂપ તો છે ★ખુશી★

સ્વભાવ પ્રમાણે લોકો રસથાળનો સ્વાદ માણે. શરીરે ગુમડું થયું હોય તો એને ખરજ કરી,ખોતરી ખોતરીને ખાસ લોહી કાઢે!એટલે દિવસો સુધી એ દુઃખાવો દૂર ન થાય.એ બહાને લોકોની દયાનું પાત્ર બને. ઘણાં ★દુઃખડાં ડોશી હોય★ બીજી વ્યક્તિના દુઃખની વાત સાંભળતાં પહેલાં ★પોતાની તકલીફો★ વાર્તા શરૂ કરી દે.

અ..ને કેટલાંક સતત પોતાની ★મહાનતા★ સામ-દામ-દંડ-ભેદ વાપરીને સાબિત કર્યા કરે.એનું જ્વલંત ઉદાહરણ આપણા ★પાટલીબદલુ રાજકારણીઓ★ જોકે સાહિત્ય રસિકો પણ પોતાનું ★છીછરાપણું★ બતાવવામાં ઓછા નથી ઉતરતા!

આ તો ★રસથાળ★ છે. શિવને આકડો,ગણપતિને બુંદીના લાડુ, કોઈ યાત્રાના સ્થળમાં સુખડી,તો ક્યાંક પંજુરી,જલારામ બાપાને ખીચડી-કઢી!નાગબાપાને દૂધ!

દરેકને દરેકની રીતરસમ પ્રમાણે પ્રસાદી થાય!તમારી જિંદગી સામે તો તમારી ★પસંદગીઓનો રસથાળ★ સજાવેલો છે.

ઉપાડો અને માણો.
★"तुम चाहते क्या हो"★
મુક્તિદા કુમાર
'રુપલી'
મુંબઈ - મહારાષ્ટ્ર
*+*********************************

***NGO SS NO 143.***
★વિષય:-રસથાળ.★
★પ્રકાર:-ગદ્ય(લેખ)★
★શબ્દ:-૩૫૦.★
★નામ:-નયના ઠક્કર.★
★(પ્યાસી)વડોદરા.★
★શીર્ષક:-હું રસોડાની રાણી.★
★પ્રસ્તાવના:-★
રસોડું એટલે ગૃહનું
અભિન્ન અંગ!ગૃહિણીનું
આગવું સંચાલન બળ!માનવ જીવનનો મુખ્ય સ્રોત!તબિયતનાં તાળાની
માસ્ટર કી!વૈશ્વાનર અગ્નિનું સામ્રાજ્ય!
એક આદર્શ ગૃહિણી
પોતાની આગવી કળાથી
કોઠાસુઝથી,કાળજીથી
રસોડાનાં માધ્યમ થકી ગૃહસંચાલન કરી,નીજ
પરિવારને તનમનધનની
સ્વસ્થતા અર્પી શકે છે.
એનું નિરૂપણ મારા મંતવ્યો સાથે લેખમાં રજૂ કર્યું છે.
જીહાં,હું રસોડાની રાણી!
સૌનું આરોગ્ય મારા
હાથમાં!સ્વાસ્થ્યનો
રસથાળ મારી હથોટી!
પરિવારની સુખાકારી,
સુરક્ષા,સલામતીનું ધ્યાન
તો મારેજ રાખવું પડે ને?
વળી,હું નિસર્ગોપચારનું
અનુસરણ કરનારી, આધ્યાત્મિક સિધ્ધાંતોને માનનારી,માનવદેહને મંદિર માની માવજત કરનારી સન્નારી!
અગ્નિ ખૂણામાં સ્વચ્છ,
સુઘડ,સ્વાસ્થ્યપ્રદ મારું રસોડું!પૂર્વાભિમુખ રહી ભોજન બનાવું,સ્નાનાદિ કાર્ય પતાવી પાણિયારે દિવો કરી,શુભ વિચાર,
શુભ શ્લોકપઠન,શુભ
સંગીત સાથે,સાત્ત્વિક,
શુદ્ધ,સમતોલ આહારનું
ધ્યાન રાખી મનગમતાં વ્યંજનોનો રસથાળ બનાવું.બલિવૈશ્ય,ગાય
કૂતરાની રોટલી,પ્રભુથાળ ધરાવી,જમતાં પહેલાં પ્રાર્થના કરી,જમીન પર સાથે બેસી,સમયસર
ભોજન કરાવું.છ રસોનાં
સંયોજનમાં મારી અંતરની પ્રસન્નતાનું સંયોજન કરી,
પ્રાકૃતિક નિયમોનુસાર આરોગ્યનાં આધારસ્તંભ સમા સાત સૂત્રોનો ખ્યાલ રાખીને!
"अहं वैश्वानरो भूत्वा
प्राणिनां देहमाश्रितःभ
प्राणापानसमायुक्तः
पचाम्यन्नं चतुर्विधम् " ॥"
દરેક વ્યક્તિને તેનાં વય,
કામ અને ઋતુ અનુસાર
સંપૂર્ણ આહાર મળે તો,
ભોજન આરોગ્યલક્ષી બને.ત્રણ દોષોનું નિવારણ
કરી શરીરને નિરામય રાખે.
ભોજનથી શરીરને પોષણ
મળે,ગરમી શક્તિ મળે,
ઘસારો પુરો પાડે,નવા
કોષોનું સર્જન કરે,રોગ
પ્રતિકારકતા વધે,ઝેરી
દ્રવ્યોનો નિકાલ થાય.
ધાતુપુષ્ટિ થાય,રક્તનું
પરિભ્રમણ સારી રીતે
થાય.નિરામય,દીર્ઘાયુ
જીવનની પ્રાપ્તિ થાય.
મુખ્યત્વે કફ,વાયુ,અને પિત્ત એવા ત્રિદોષનું અસંતુલન થાય ત્યારે આરોગ્ય જોખમાય છે.
કુદરતે કોઈ ચીજ એવી નથી બનાવી,ઔષધીય ગુણો જેમાં નહોય.ઋતુ
અનુસાર શાકભાજી,ફળો,
અનાજ,કઠોળ,મસાલા,
સૂકામેવા લેવા,ફાસ્ટફૂડને તિલાંજલિ આપી,મેંદાની વસ્તુઓ સદંતર બંધ કરી,

ખાંડનાં બદલે ગોળનો ઉપયોગ કરી,હું સૌનાં સ્વાસ્થ્યનો ખ્યાલ રાખું છું.પાણીનાં પ્રયોગો પણ આરોગ્યપ્રદ બની શકે છે.
ફ્રીજમાં મુકેલો ખોરાક,
બજારનાં ઠંડા પીણાં માટે મનાઈ ફરમાવી છે.
ખાસ જરૂરી બાબત-
સ્વાસ્થ્ય માટે સવારે નરણે કોઠે પાણી,બપોરે ભોજન પછી છાશ,સાંજે વાળુ સાથે દૂધ,ઉત્તમ ગણાય.
વાસી,ઠંડો,ફરીવાર ગરમ
કરેલો આહાર લેવો નહીં.
ટીવી જોતાંજોતાં,ક્રોધમાં,
ચિંતામાં ભોજન લેવું નહીં.
"અન્ન તેવો ઓડકાર"એ કહેવત સૌને વિદીત છે.
આપણો દ્વેષ કરનારને
ત્યાં ભોજન કરવું નહીં
એ શાસ્ત્રોક્ત વાત છે.
"એકવાર જમે તે યોગી,
બે વાર જમે તે ભોગી,
ત્રણ વાર જમે તે રોગી
અને જરૂર પુરતું જમે તે
નિરોગી-આરોગ્ય સૂત્ર છે.
વર્ષભરની ચીજવસ્તુની જાળવણી પણ નારીની કારીગરી!
અંતમાં એટલુંજ કહીશ કે,
ભારતીય સંસ્કૃતિનુસાર,
કુદરતનાં નિયમોનુસાર,
ઋષિ પરંપરાગતનુસાર,
વડવાઓનાં સંસ્કારનુસાર,
આહારનાં રસથાળની પસંદગી કરનાર પ્રત્યેક નિરામય દીર્ઘાયુ જીવન જીવી શકે એ નિર્વિવાદ વાત છે.મારા મત મુજબ-
"રસોડું જ ઔષધભંડાર."
"તમારા ડૉક્ટર તમે જાતે."
આપણું સ્વાસ્થ્ય રસોડાનાં રસથાળમાં!
(આ લેખ મારો મૌલિક સ્વરચિત છે)
★નયના ઠક્કર★
★(પ્યાસી)વડોદરા.★

# ભાજપા સરકારના પાપે ભાવનગરના બન્ને પ્રોજેક્ટ કલ્પસર અને રો રો ફેરી સર્વિસ મરણ પથારીએ

- **ફિઝીબીલીટી રીપોર્ટ નેગેટીવ હતો છતાં દહેજ-ઘોઘા રો રો ફેરી પ્રોજેક્ટ પાછળ ૬૫૦ કરોડ રુપિયાનુ આંધણ કેમ કરવામા આવ્યુ ?**
- **Hard work y™u Harvard ના તફાવતનો વૈજ્ઞાનિક અભિગમ ન સમજનારી સત્તાએ રાજ્યની તેજુરીને ૬૫૦ કરોડની નુકશાની આપી.**
- **દહેજ-ઘોઘા રો રો ફેરી પ્રોજેક્ટ માટે મોદી સાહેબના ભાષણના શબ્દો સાચા પડ્યા અમે જે શરુ કરીએ તેનુ પુરૂ પણ અમે જ કરીએ છીએ.**

દહેજ-ઘોઘા રો-રો ફેરીનો શિલાન્યાસ ૨૫મી જાન્યુઆરી ૨૦૧૨ના દિવસે તે સમયના ભાજપા સરકારના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યો હતો અને પુર્ણાહુતિ પણ ભાજપા સરકાર વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના શાસનકાળમા જ થઈ.

તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૦૦૮ મા ભાવનગર મા આવીને કહ્યુ હતુ કે કલ્પસર, ધોલેરા સર અને ઘોઘા રો-રો ફેરી અમારા જ કાર્યકાળમાં થશે.અમે જે શરુ કરીએ છીએ તે અમે જ પુરુ કરીએ છીએપ..મોદી સાહેબના શબ્દો સાચા પડ્યા સરખુ શરુ થાય તે પહેલા પુરુ કરી નાખ્યુ,

ભાવનગરની ધરતી પર આવીને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ કહેલુ કે મિત્રો હુ નાનપણથી સાંભળતો હતો આ રો રો ફેરીપ.પણ એ કોઇએ ન શરુ કરી, સારા કામ મારે હાથે જ થવાના બાકી છોડેલા છે અને આ બધા કામ મારે ભાગે જ આવી પડેલા છે. અનેક સરકાર ગઈ અને અહિયા ભાવનગરના અનેક ખેરખા આગેવાનો હતા આવુ કહીને ભાવનગરના મહાનુભાવોનુ હળાહળ અપમાન પણ કર્યુ હતુ.અન્યને ઉતારી પાડવાની આ આદત ભાવનગરની જનતા ભુલી નથી.

દહેજ-ઘોઘા રો રો ફેરી એ ૬૫૦ કરોડ રુપિયાના ખર્ચે તૈયાર થનાર દક્ષિણ એશિયાનો સૌથી મોટો પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ ગણાવ્યો. અને વધારામા એ ૨૦૦૮મા એવુ પણ કહ્યુ હતુ કે વિકાસના વાવાઝોડામાં ૧૦ વર્ષ પછીનું ભાવનગર કેવુ હશે એનો કોઇ અંદાજ નહી લગાવી શકે, અરે કલ્પના પણ નહિ કરી હોય એવી હરણફાળ ભાવનગર ભરશે, વિકાસ ડગલા માંડી ને નહિપ. કુદકા માંડીને આગળ વધશે. આજે એપ્રિલ ૨૦૨૩ છે ભાવનગરની શુ પરિસ્થિતીમા છે તે સૌ ભાવેણાવાસીઓ અનુભવ કરી રહ્યા છે.અને ૧૫ વર્ષ પછી તેમના ડ્રીમ પ્રોજેક્ટ દહેજ-ઘોઘા રો રો અને કલ્પસર યોજના બન્ને મરણ પથારીએ છે.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તાશ્રી મનહર પટેલ યાદ એ સમયને યાદ અપાવતા જણાવે છે કે તત્કાલીન મનમોહનસિંહની સરકાર પર્યાવરણ અને ટેકનિકલ પ્રશ્નોને લઈ દહેજ-ઘોઘા રો રો ફેરી પ્રોજેકટની ફિઝીબીલીટી બેસતી નથી એવા સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો, ત્યારે આ રિપોર્ટને રાજ્ય સરકારના વિકાસના અવરોધ અને અડચણોમા ખપાવી તત્કાલિન કેન્દ્ર સરકારની ગુજરાત સરકારે ટીક્કા કરેલ હતી, અને પરિણામ Hard work અને Harvard ના તફાવતનો વૈજ્ઞાનિક અભિગમ ન સમજનારી સત્તા તેની જનતાને કેટલી નુકશાની આપે છે તેનો આ દાખલો છે.

મરણ પથારીએ પહોચેલી આ બન્ને યોજનાને ભાજપા સરકારના નેતાઓએ પોતાના ડ્રીમ પ્રોજેક્ટ ગણાવ્યા હતા પરંતુ તેમના માટે સરકારી નાણાનો ઉપયોગ કરી માત્ર સત્તા મેળવવાની નિસરણી સાબિત થઈ, ફિઝીબીલીટી રીપોર્ટ નેગેટીવ હતો છતાં આ પ્રોજેક્ટ પાછળ ૬૫૦ કરોડ રુપિયાનુ આંધણ કેમ કરવામા આવ્યુ ? નિષ્ફળ યોજનાઓ પાછળ જવાબદાર કોણ ? રાજય સરકારમા પડેલ નુકશાની ખાડો કોણ ભોગવશે ? આ ડ્રીમ પ્રોજેકટના સ્વપ્નદ્રષ્ટા ગુજરાતની જનતાને જવાબ આપે.

વૈજ્ઞાનિક અભિગમ અને આધારને અવગણીને રાજ્ય સરકાર પોતાના રાજકીય પક્ષને ફાયદો કરાવવાના ઉદ્દેશથી નાણાનો ગેરઉપયોગ ન કરી શકે. સદરહુ રો રો ફેરી યોજનમા જનતાના ટેક્ષના નાણાના મનઘડત ઉપયોગ બદલ જવાબદારો પર કાનુની રાહે ફરીયાદ દાખલ કરવામા આવે તેમના પર પગલા ભરવામા આવે.

# ચીને તાઈવાન બોર્ડર પર ફરી સેના મોકલી, ત્રણ દિવસ સુધી સેના યુદ્ધઅભ્યાસ કરશે

બીજીંગ,તા.૮

તાઈવાન પર કબજો કરવાના ઈરાદાથી ચીન દરરોજ તાઈવાનની આસપાસ પોતાની સેના મોકલતું રહે છે. ક્યારેક તે ફાઈટર જેટથી ઘૂસણખોરી કરે છે તો ક્યારેક અહીં સૈન્ય અભ્યાસ કરે છે. આ એપિસોડમાં ફરી એકવાર ચીને અહીં ત્રણ દિવસીય સૈન્ય કવાયતની જાહેરાત કરી છે. ચીની સેનાના ઈસ્ટર્ન થિયેટર કમાન્ડના સૈનિકો પણ અભ્યાસમાં ભાગ લેશે.

તાઈવાનના રાષ્ટ્રપતિ ત્સાઈ ઈંગ-વેન અમેરિકાના પ્રવાસે ગયા હતા. અહીં તેઓ યુએસ હાઉસ સ્પીકરને પણ મળ્યા હતા. ચીન ત્સાઈના અમેરિકન પ્રવાસથી નારાજ હતું, કારણ કે ચીન તાઈવાનને વન ચાઈના નીતિનો એક ભાગ માને છે.

વન ચાઇના પોલિસી એ ચીનની વિસ્તરણવાદી નીતિ છે, જેના હેઠળ તે સમગ્ર તાઇવાન, તિબેટ, ભારતના કેટલાક ભાગ અને નેપાળના કેટલાક સરહદી વિસ્તારો પર દાવો કરે છે.

ચીનની સેના તાઈવાનના ઉત્તર, દક્ષિણ અને પૂર્વમાં અભ્યાસ કરશે. ચીની સેના દ્વારા આ અંગે વધુ માહિતી આપવામાં આવી નથી. તાઈવાનના રાષ્ટ્રપતિની અમેરિકની મુલાકાતથી નારાજ ચીને કાર્યવાહીની ધમકી આપી હતી. અમેરિકન નેતાઓ અને અધિકારીઓ સાથેની બેઠક પર ચીને પહેલા જ નારાજગી વ્યક્ત કરી છે. ગયા વર્ષે ઓગસ્ટમાં તે તાઈવાનના પ્રવાસે ગઈ હતી, જેના પર ચીને વાંધો ઉઠાવ્યો હતો.

ચીને તાઈવાન બોર્ડર પાસે મોટી સંખ્યામાં સૈનિકો મોકલ્યા હતા. ઓગસ્ટમાં પેલોસીની મુલાકાત બાદ ચીને તાઈવાનની આસપાસ લાઈવ ફાયર મિસાઈલો વડે યુદ્ધનું વાતાવરણ સર્જ્યું હતું. આ પછી, અહીં સરહદ પર ઘણા દિવસો સુધી તણાવ ચાલુ રહ્યો. ચીન તાઈવાન પર સાર્વભૌમત્વનો દાવો કરે છે. આવી સ્થિતિમાં, તે અહીં એક વિદેશી નેતાની સત્તાવાર મુલાકાતથી દબાણમાં આવે છે અને કાર્યવાહીની ધમકી આપે છે.

તાઇવાનના રાષ્ટ્રપતિની તાજેતરની અમેરિકન મુલાકાતથી નારાજ ચીને કેટલાક લોકો અને કેટલીક સંસ્થાઓ પર પ્રતિબંધો પણ લગાવ્યા છે.

ચીનની સરકારે એશિયન મૂળની બે સંસ્થાઓ, અમેરિકન મૂળની બે સંસ્થાઓ અને જીમાં તાઈવાનના રાજદૂત પર પ્રતિબંધ મૂક્યો છે.

આ સંસ્થાઓના પ્રતિનિધિઓ ચીનની મુલાકાત લઈ શકશે નહીં અને તેઓ ચીનની અંદર ચીની સંસ્થાઓ સાથે વેપાર કરી શકશે નહીં. ચીને અગાઉ કહ્યું હતું કે, જો તાઈવાન અને અમેરિકા વચ્ચે વાતચીત થશે તો તે કાર્યવાહી કરશે.

# 'પાકિસ્તાનથી મુંબઈ આવ્યા ૩ આતંકી', પોલીસ કંટ્રોલને ફોન પર સૂચના મળી

મુંબઈ,તા.૮

મુંબઈ પોલીસ કંટ્રોલને એક અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને દાવો કર્યો હતો કે, દુબઈથી ૩ આતંકવાદીઓ મુંબઈ આવ્યા હતા. આ આતંકવાદીઓનું કનેક્શન પાકિસ્તાન સાથે છે. એટલું જ નહીં, ફોન કરનારે પોલીસને એક મુજીબ સૈયદનું નામ જણાવ્યું હતું અને તેનો મોબાઈલ નંબર અને વાહન નંબર પણ પોલીસને આપ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે ફોન કરનારનું નામ રાજા થોંગે છે જેણે કંટ્રોલ રૂમને ફોન કર્યો હતો. આ કોલ બાદ પોલીસ એલર્ટ મોડ પર આવી ગઈ છે.ગયા મહિને ૧ માર્ચે રાત્રે ૧૧ વાગ્યે, એક અજાણ્યા વ્યક્તિએ મુંબઈ પોલીસ કંટ્રોલને ફોન કર્યો અને મુંબઈના કુર્લા (પશ્ચિમ)માં બ્લાસ્ટ વિશે જણાવ્યું. કોલ કરનારે કહ્યું હતું કે આગામી ૧૦ મિનિટમાં કુર્લામાં બ્લાસ્ટ થશે અને આટલું કહીને તેણે કોલ ડિસ્કનેક્ટ કરી દીધો હતો. ફોન કોલ બાદ તરત જ પોલીસે સમય બગાડ્યા વિના તપાસ માટે એક ટીમ બનાવી હતી. જોકે, કલાકોની તપાસ બાદ પણ પોલીસને ત્યાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.મુંબઈ પોલીસ કંટ્રોલને આ પહેલા ગયા મહિને ૧ માર્ચે રાત્રે ૧૧ વાગ્યે એક અજાણ્યા વ્યક્તિએ ફોન કર્યો અને મુંબઈના કુર્લા (પશ્ચિમ)માં બ્લાસ્ટ વિશે જણાવ્યું હતું.મુંબઈ પોલીસને અગાઉ પણ આવા ફોન આવ્યા હશે પરંતુ પોલીસ એક પણ કોલ પર બેદરકારી દાખવી શકે નહીં. તેથી જ આ વખતે પણ પોલીસ અધિકારીઓને સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે અને વિસ્તારની તપાસ કરવાની સૂચના પણ આપવામાં આવી છે. જો આ માહિતી ખોટી જણાશે કે કોઈ પ્રકારની મજાક હશે તો ફોન કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે. આ પહેલા નાગપુરની બે હોસ્પિટલ, ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ અને માનકાપુરની મેન્ટલ હોસ્પિટલને પણ ગયા મહિને બોમ્બની ધમકી મળી હતી.

# ઈઝરાયેલની રાજધાની તેલ અવીવમાં આતંકવાદી હુમલો, ૩ લોકોના મોત

તેલ અવીવ,તા.૮

ઈઝરાયેલની રાજધાની તેલ અવીવમાં મોટો આતંકી હુમલો થયો છે. આ હુમલામાં ૩ લોકોના મોતના સમાચાર છે. આ હુમલા પેલેસ્ટાઈન દ્વારા કરવામાં આવ્યા છે. વાસ્તવમાં, ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલા બાદથી પેલેસ્ટાઈન જવાબી વલણ અપનાવી રહ્યું છે. ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન બંને વચ્ચે સંઘર્ષ વધી રહ્યો છે. એક પછી એક હુમલા કરવામાં આવી રહ્યા છે. તાજેતરના કિસ્સામાં, પેલેસ્ટાઈન ઈઝરાયેલના તેલ અવીવ અને પશ્ચિમ કાંઠે હુમલાઓ કર્યા છે. આ હુમલાઓમાં કુલ ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. મળતી માહિતી મુજબ તેલ અવીવના ભીડભાડવાળા વિસ્તારમાં એક કાર ઘુસી ગઈ હતી. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. પશ્ચિમ કાંઠે એક કાર પર ગોળીબાર થયો હતો. જેમાં બે ઈઝરાયેલી બહેનોના મોત થયા હતા.પોલીસનું કહેવું છે કે આ એક આતંકવાદી હુમલો છે. કાર ચાલક આ રીતે ભીડમાં કેમ ઘૂસ્યો તે કહેવું મુશ્કેલ છે, પરંતુ તેની પાછળ પેલેસ્ટાઈન છે.

ઈઝરાયેલના અધિકારીઓએ જણાવ્યું હતું કે હુમલામાં ૧૬ અને ૨૦ વર્ષની બે બહેનોના મોત થયા હતા અને તેમની માતા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે બંને બહેનો મૂળ બ્રિટિશ નાગરિક હતી. ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ઘટનાસ્થળની મુલાકાત લીધા બાદ કહ્યું હતું કે ક્રૂર આતંકવાદીઓએ બંને યુવાન બહેનોની હત્યા કરી હતી. તેમણે કહ્યું કે આતંકવાદીઓ અમારી જમીન પર ઘૂમી રહ્યા છે, પરંતુ અમારા સુરક્ષા દળો તેમનો પીછો કરી રહ્યા છે.

NEWS OF GANDHINAGAR_P-4

# એક તરફ દેશના લાખો પરિવારો ગરીબીમાં ધકેલાઈ રહ્યાં છે બીજી બાજુ, મોદીજીના મિત્રો અસિમીત રીતે તિજોરીના લાભો મેળવીને અબજોપતિ બની રહ્યાં છે: શ્રી જગદીશ ઠાકોર

## ૨૫ એપ્રિલ થી રાજ્યના ૩૩ જીલ્લા કલેક્ટર કચેરી સામે સંમેલન અને કલેક્ટર કચેરીને ઘેરાવો - કાર્યક્રમ જેમાં રાષ્ટ્રીય કક્ષાના વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતીમાં કાર્યક્રમનું આયોજન





અમદાવાદ,

આદરણીય રાહુલજીની સાથે એકતામાં અને તેમની નિર્ભય લડાઈના અડીખમ સમર્થનના ભાગરૂપે અમદાવાદ જિલ્લામાં સાણંદ ખાતે યોજાયેલ સંમેલન-ધરણાપ્રદર્શનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, આ તાનાશાહી સરકાર, જુલમ કરવાવાળી સરકાર, લોકશાહી - બંધારણને ખતમ કરવાવાળી સરકારની સામે પ્રજાના પ્રશ્નોને લઈને આંદોલનો કરતા કોંગ્રેસે જેલો ભરવી પડે તો જેલ ભરોના આંદોલનો સાથેની લોકજાગૃતિ સાથેના કાર્યક્રમો કરી રહી છે.

શ્રી રાહુલ ગાંધીને લોકસભાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવવાની બાબત મજબૂત સંકેત છે કે વિશ્વની સૌથી મોટી લોકશાહી ગંભીર સ્થિતિમાં છે. વિવિધ પ્લેટફોર્મ પર મોદી અને અદાણી વચ્ચેના સંબંધો પર શ્રી રાહુલ ગાંધી સતત સવાલો કરી રહ્યાં છે. તેમના પ્રિય મિત્ર અદાણીને મદદ કરવા માટે મોદી દ્વારા સત્તાના દુરુપયોગ સામે રાહુલજીની નિર્ભયતા સાથે અણનમ લડતથી તેઓ સંસદમાં તેમની સાંઠગાંઠનો પર્દાફાશ કરશે તેવા ડરથી, સમગ્ર મોદી શાસન તેમનો અવાજ બંધ કરવા આવા કુટિલ પગલાંનો આશરો લઈ રહ્યું છે.

કોંગ્રેસ પક્ષ આ હરકતની સખત નિંદા કરે છે અને સત્યની આ લડતમાં રાહુલજીની પડખે છે. શ્રી રાહુલ ગાંધી એકલા નથી, લાખો કોંગ્રેસીઓ અને ભારત દેશના કરોડો નાગરિકો સત્ય અને ન્યાયની આ લડાઈમાં તેમની સાથે છે.

બેરોજગારી અને મોંઘવારીથી જનતા ત્રસ્ત છે, જનતાને જીવન જીવવું મુશ્કેલ બની રહ્યું છે એક તરફ દેશના લાખો પરિવારો ગરીબીમાં ધકેલાઈ રહ્યાં છે બીજી બાજુ, મોદીજીના મિત્રો અસિમીત રીતે તિજોરીના લાભો મેળવીને અબજોપતિ બની રહ્યાં છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર કે પૂજ્ય મહાત્મા ગાંધી બાપુની પ્રતિમા સામે SC-ST-OBC-Minority ડીપાર્ટમેન્ટ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. દ્વારા પોસ્ટ કાર્ડ ઝુંબેશ પ્રધાનમંત્રી મોદીને આ મુદ્દે પ્રશ્નો રકતા પોસ્ટકાર્ડ મોકલવામાં આવી રહ્યાં છે. અખિલ ભારતીય મહિલા કોંગ્રેસ દ્વારા નવી દિલ્હી ખાતે જંગી વિરોધ પ્રદર્શન યોજાયું હતું જેમાં ગુજરાતમાંથી મહિલાઓ જોડાઈ હતી. તાલુકા કક્ષાએ પત્રકાર પરિષદ યોજીને અદાણીસ્કેમ મિત્રકાળ અંગે જનતાને વાકેફ કરાવ્યા હતા. ૨૫ એપ્રિલ થી રાજ્યના ૩૩ જીલ્લા કલેક્ટર કચેરી સામે સંમેલન અને કલેક્ટર કચેરીને ઘેરાવો - કાર્યક્રમ જેમાં રાષ્ટ્રીય કક્ષાના વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતીમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

સંકલ્પ સત્યાગ્રહ સંમેલનમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રી અને મધ્ય ગુજરાતના પ્રભારીશ્રી ઉષા નાયડુ અને સાબરકાંઠાના હિંમતનગર ખાતે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાશ્રી બાલુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આવતી કાલે સૌરાષ્ટ્રના ચાર જીલ્લામાં તાલુકા સંમેલનોમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રી અને સૌરાષ્ટ્રના પ્રભારીશ્રી રામકીશન ઓઝા ઉપસ્થિત રહેશે.

ડૉ. મનિષ એમ. દોશી

મીડીયા કન્વીનર અને પ્રવક્તા

મો. ૯૪૨૬૦૦૧૫૯૯

# કેરળના કુમારકોમમાં જી૨૦ હેઠળ ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપની બેઠક યોજાઈ

**પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી પર બેઠકમાં ચર્ચા કરવામાં આવી**

**કુમારકોમમાં આયોજિત ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપની બેઠકમાં ૯૦ પ્રતિનિધિઓએ હિસ્સો લીધો**

**વિદેશ મંત્રાલયના સચિવ (આર્થિક બાબતોના) શ્રી દમ્મુ રવિએ બેઠકને સંબોધિત કરી**

કુમારકોમ, ૮ એપ્રિલ: ભારતની જી૨૦ અધ્યક્ષતા હેઠળ ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપ (DWG)ની ઔપચારિક બેઠક શુક્રવારે કેરળમાં કોચિ ખાતે કુમારકોમમાં આયોજિત કરવામાં આવી. આ બેઠકમાં જી૨૦ના સભ્ય દેશો, ૯ આમંત્રિત દેશો અને વિવિધ આંતરરાષ્ટ્રીય અને ક્ષેત્રીય સંગઠનોના ૮૦થી વધુ પ્રતિનિધિઓએ હિસ્સો લીધો. આ પ્રસંગે, વિદેશ મંત્રાલયના સચિવ (આર્થિક બાબતોના) શ્રી દમ્મુ રવિએ બેઠકને સંબોધિત કરી. આ દરમિયાન તેમણે લો (ઓછો) કાર્બન વિકાસ પદ્ધતિ માટે એક વિઝનની રૂપરેખા આપી જે વધુ ટકાઉ, સમાવિષ્ટ અને સ્થિતિસ્થાપક છે.

બેઠક દરમિયાન ભારત દ્વારા પ્રસ્તાવિત વિવિધ વિકાસ પ્રાથમિકતાઓ પર પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી. બીજા દિવસે કુલ ત્રણ સત્રો આયોજિત કરવામાં આવ્યા. આ દરમિયાન, ડેટા ફોર ડેવલપમેન્ટ, ક્ષમતા નિર્માણ નેટવર્ક અને પર્યાવરણને અનુકૂળ જીવનશૈલીમાં વેગ લાવવા માટે જી૨૦ કાર્યયોજના પર પણ ચર્ચા કરવામાં આવી.

DWG બેઠક દરમિયાન ભારતના ૬ઉ૪ સહ-અધ્યક્ષ, વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ કે. નાગરાજ નાયડૂ અને ઈનામ ગંભીરે જી૨૦ના સમકક્ષો અને મહેમાનો સાથે ઘણી દ્વિપક્ષીય ચર્ચાઓ કરી. બેઠકના ત્રીજા દિવસે એટલે કે ૮ એપ્રિલે પણ કુલ ૩ સત્રો આયોજિત કરવામાં આવશે. બેઠક પછી તમામ પ્રતિનિધિઓ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં હિસ્સો લેશે.

આ પહેલા ૬ એપ્રિલે આયોજિત ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપના કાર્યક્રમમાં અનેક એક્સપર્ટ્સ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો, શિક્ષણ ક્ષેત્રો, બુદ્ધિજીવી વર્ગ અને સિવિલ સોસાયટીના ઘણા વક્તાઓએ ચર્ચામાં હિસ્સો લીધો હતો. આ દરમિયાન, વિકાસ માટે ડેટા, પર્યાવરણ માટે જીવનશૈલી અને ફક્ત હરિત પરિવર્તન પર એક સાઇડ ઈવેન્ટ આયોજિત કરવામાં આવી. ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપની આ બેઠક ૯ એપ્રિલ સુધી ચાલશે. આ પહેલા ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપની પહેલી બેઠક ગયા વર્ષે ડિસેમ્બરમાં મુંબઈમાં આયોજિત કરવામાં આવી હતી.

# હરિકૃષ્ણ મહિલા સત્સંગ મંડળ (હિફલી) બોટાદ પાળીયાદ પાંજરાપોળ ની મુલાકાતે




પાળીયાદ,

પાળીયાદ મહાજન પાંજરાપોળ ના પટાંગણમાં હરિકૃષ્ણ મહિલા સત્સંગ મંડળ હિફલી પટેલ સમાજ ની વાડી (બોટાદ) થી પધાર્યા હતા અબોલ પશુઓને ૭૦૦ મણ લીલી જુવાર તથા રૂ.૨૫૦૦ નુ દાનહરિકૃષ્ણ મહિલા મંડળ એ ૨૪ બહેનો પધારી પાંજરાપોળ સ્થળ પર બે ત્રણ ધાર્મિક કીર્તન ગાઈ સંસ્થામાં આનંદ આનંદ થયો તથા અબોલ પશુઓના દર્શન કરતા ખૂબ રાજીપો વ્યક્ત કર્યો સંસ્થાના ટ્રસ્ટી શ્રીમાન નાગજીભાઈ ચાંદપરાએ ગાય માતાનું મોમેન્ટ મહિલા મંડળને અર્પણ કર્યું આ તકે ઉત્સાહી કાર્યકર કિસ્મતભાઈ ધોળકિયા તથા કનુભાઈ ધાધલ તથા કનુભાઈ ખાચર તથા નાગરભાઈ ગામી ની ખાસ ઉપસ્થિતિ રહી હરિકૃષ્ણ મહિલા મંડળે ગાય માતાની સેવા સાકરી જોઈ તેમજ સંસ્થા ની ચોખ્ખાઈ જોઈ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો સંસ્થાએ તમામ બહેનો ને આવા સત કાર્ય બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

અહેવાલ કનુભાઈ ખાચર

# કપડવંજમાં સામાન્ય તકરારમાં ખેલાયો ખૂની ખેલ, પાડોશીએ કિશોરને રહેંસી નાંખ્યો

ખેડા,તા.૮

ગુજરાતના ખેડા જિલ્લાના કપડવંજમાં બે પાડોશીઓ વચ્ચે થયેલી તકરાર હત્યામાં પરિણમી છે. પિતા, પુત્ર અને અન્ય એક ભેગા મળીને ૧૬ વર્ષના કિશોર સાથે વેર રાખી ગંભીર રીતે માર મારતા આ કિશોરનું સારવાર દરમિયાન મોત નિપજયું છે. કપડવંજ ટાઉન પોલીસે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ખેડાના કપડવંજમાં પડોશી જ બની ગયો પડોશીનો દુશ્મન. સામાન્ય વાતમાં બે પાડોશીઓ વચ્ચે થયેલી તકરાર હત્યામાં પરીણામી છે. પિતા, પુત્ર અને અન્ય એક ભેગા મળીને ૧૬ વર્ષના કિશોરને વેર રાખી ગંભીર રીતે માર મારતા આ કિશોરનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. કપડવંજ ટાઉન પોલીસે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.કપડવંજ નગરમાં રત્નાકર માતા રોડ દશામાના મંદિર પાસે માતા પિતાના મૃત્યુ બાદ પોતાના કાકા સાથે ૧૬ વર્ષીય દીપક જેસંગ સલાટ પોતાના પરિવાર સાથે મંડપ બાંધવાનું કામ કરતો હતો.ગઈકાલે મંડપ બાંધવા માટે માણસોની જરૂર હોય નજીકમાં જ રહેતા ડાહ્યા સલાટ, દિનેશ સલાટ અને અનિલ સલાટના ઘરે દિપક ગયો હતો, ત્યારે ઘરમાં રહેતા એક મહિલાને ઉપરોકત લોકોને મંડપ બાંધવા મોકલજો તેમ કહી નીકળી ગયો હતો.જોકે, આરોપીઓને ઘરે પહોંચતા કોઈએ જણાવ્યું હતું કે, તમારી ગેરહાજરીમાં દિપક આવ્યો હતો અને મહિલા સાથે વાત કરતો હતો.જેથી ત્રણેય ઉશ્કેરાઈ દિપકના ઘરે પહોંચ્યા હતા અને પોતાના પરિવારની મહિલા સાથે કેમ વાત કરી તેમ કહી જમી રહેલા દિપકને ઢોર માર મારતા દિપકનું ઘટના સ્થળે મોત થયું હતું.

# અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ફરેડી ગામમાં ૧૮૧ અભયમના સાથ સહકાર થી આ કાર્યશાળા યોજાઈ



માહિતી કચેરી અરવલ્લી - ૮ એપ્રિલ ૨૦૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ફરેડી ગામમાં ૧૮૧ અભયમના સાથ સહકાર થી આ કાર્યશાળા યોજાઈ.જેમાં કાર્યશાળામાં બહેનોને પડતી મુશ્કેલીઓ અને મહિલા અધિકારો સમજ આપવામાં આવી. અને ૧૮૧ હેલ્પલાઈન નમ્બર સંપૂર્ણ સમજ આપી હતી તે ઉપરાંત ૧૮૧ માં ડેમો કોલ કરવામાં આવ્યો હતો. અને પરિવર્તન ટ્રસ્ટ ના કર્મચારી પુષ્પા બેન દ્વારા મહિલાઓ રોજગારી ની સમજ આપવામાં આવી હતી.

જેમાં સીવણ ક્લાસ બ્યુટીપાર્લર,સરકારી યોજનાઓ જેવી વ્હાલી દીકરી યોજના,૩૯૯ પોસ્ટ વીમો, વિધવા સહાય, વૃદ્ધપેંશન બીજી અન્ય યોજનાની માહિતી આપવામાં આવી.લીલાબે દ્વારા મહિલા અધિકાર ઉપર ગીત ગવડાવવામાં આવ્યું હતું ત્યારે બાદ સામાજિક કાર્યકર ગોપાલ સિંહ પુજારા દ્વારા શખી મંડળ તેમજ સ્થાનિક મુશ્કેલી ઓ અને મહિલા સંગઠન ની સમજ આપવામાં આવી હતી. અને આ કાર્યક્રમ માં ૪૫ બેહનો ૭ ભાઈઓ અને ૮ બાળકો હાજરી આપી હતી.

સામાજિક કાર્યકર ગોપાલ સિંહ પૂજારા. લીલાબેન. એસ. મારીવાડ. જગદીશ ભાઈ. પાંડોર દ્વારા એક સામાજિક શિક્ષણ ની કાર્યશાળા રાખેલ જેમાં આગેવાન બેહનો.શારદાબેન / લીલાબેન બામણીયા.૧૮૧અભયમ ટીમના પ્રતિનિધિ મનીષા બેન હાજરી આપી હતી.

# સુરત જીલ્લા ખાતે બુથ સશક્તિકરણ અભિયાન-૨૦૨૩ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા



આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી,પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા,કેન્દ્ર સરકારના મંત્રીશ્રીમતી દર્શનાબેન ઝરદોસ,રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી મુકેશભાઈ પટેલ,શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા,શ્રી કુંવરજીભાઈ હળપતિ,સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા,ધારાસભ્યશ્રીઓ શ્રી સંદીપભાઈ દેસાઈ,શ્રી ગણપતભાઈ વસાવા,શ્રી ઈશ્વરભાઈ પરમાર,શ્રી મોહનભાઈ ઢોડીયા,સુરત જીલ્લા પ્રભારીશ્રી ભરતભાઈ રાઠોડ,સુરત જીલ્લા પંચાયત પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ,સુમુલ ડેરીના ચેરમેન શ્રી માનસિહભાઈ પટેલ,સુરત ડીસ્ટ્રીકટ કો.ઓપ.બેંકના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ તેમજ જીલ્લા મહામંત્રીશ્રીઓ સહીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે

પ્રદેશ મીડિયા કન્વીનર

## સાળંગપુરનું મંદિર અલૌકિક, વ્યવસ્થાનો અભાવ

# ભક્તો તાપમાં તપ્યા, ધક્કે ચડ્યા, છતાં દાદાના યોગ્ય દર્શનથી વંચિત રહ્યાં

સાળંગપુર,તા.૮

બોટાદના સાળંગપુરમાં હનુમાન જયંતિ બાદ પ્રથમ શનિવારે ભક્તોની ભારે ભીડ જોવા મળી છે. કષ્ટભંજન દાદાના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા છે. વહેલી સવારથી જ 'પવનપુત્ર હનુમાન કી જય, જય શ્રી રામ' ના નારાથી પરિસર ગુંજી ઉઠ્યું છે. આજે શનિવારે સાળંગપુર મંદિરે અનેક ભક્તો દાદાના દર્શને આવ્યા છે અને દર શનિવારે ભારે ભીડ પણ જોવા મળે છે, પરંતુ કેટલીક સુવિધાના અભાવે ભક્તોને મુશ્કેલી વેઠવાનો પણ વારો આવ્યો છે. વ્યવસ્થાના અભાવે કેટલાક દર્શનાર્થીઓ સરખા દાદાના દર્શન કર્યા વગર જ પાછા ફર્યા છે. દાદાના દર્શને ભક્તો અનેક કિલોમીટર કાપીને આવતા હોય છે પરંતુ કેટલીક વ્યવસ્થાના અભાવે ભક્તોને મુશ્કેલી ઝીલવી પડી રહી છે.

મંદિરના પ્રવેશ દ્વારાની બહાર જ છાયડાની વ્યવસ્થાના અભાવે ધગધગતા તાપનો ભક્તોને સામનો કરવો પડી રહ્યો છે તો બીજી તરફ ભક્તો માટે યોગ્ય લાઈન પણ નથી કરાવાતી અથવા તો કોઈ એવા સ્વંયમ સેવક ખડેપગે ઉભા રહેતા નથી કે, ભક્તોને વ્યવસ્થિત લાઈન કરાવી સંતોષ જનક દર્શન કરાવી શકે. યોગ્ય સુવિધા ન હોવાથી ધક્કા મુકીમાં દર્શન કરવા પડી રહ્યાં છે. ધક્કામુકીના કારણે વૃદ્ધો અને બાળકો અને મહિલાઓ દાદાના દર્શન સરખા કરી શકતા નથી. મંદિર સરસ અને ભવ્ય બનાવ્યું છે ત્યારે અન્ય તિરૂપતિ, બાલાજી, વૈષ્ણદેવી જેવા ભવ્ય મંદિર પાસેથી કઈ રીતે ભક્તોને દર્શન કરાવવા તેની શીખ લેવા જેવી છે.

# સુપરસ્ટારની સુપર સ્ટાર સુપર દુપર અભિનેત્રી જ્યાં બચ્ચન



મધ્યપ્રદેશના જબલપુરમાં એક બંગાળી પરિવારમાં ૯ એપ્રિલ ૧૯૪૮ માં જયાનો જન્મ થયો હતો.જયાની ગણતરી આજે પણ સૌથી સારી અભિનેત્રીના રૂપમાં થાય છે.જ્યાં સશક્ત અને સહાજીક અભિનય કરી શકતા હતા.તમારા આજુબાજુ રહેતી છોકરી જેવી જયાની ઈમેજ હતી

જ્યા સમાજવાદી પાર્ટીના રાજ્યસભાના સાંસદ પણ છે સંસદમાં અવારનવાર પોતાની ધારધાર અને ચોટદાર રજુઆત માટે જ્યા જાણીતા છે

જ્યા સદીના સુપર સ્ટાર અમિતાભ બચ્ચનને ૩ જુન ૧૯૭૩ માં પરણ્યા હતા.પતિના પોતાની ફિલ્મોની હીરોઈન સાથેના લફરાંની વાતો પર જ્યાએ સબર અને ધીરજથી કામ લીધું.રેખા સાથે આજેય અમિતાભનું નામ બોલાય છે પણ સલામ છે જયાને પોતાના અભિનયની જેમ આમાં સહાજીક અને શાંતિથી કામ લીધું

સંતાનોમાં બચ્ચન દંપતીને એક પુત્ર અભિષેક બચ્ચન છે જે અભિનેતા છે .ભૂતપૂર્વ મિસ વલર્ડ રૂપસુંદરી એશ્વર્યા રાય જયાની પુત્રવધુ છે શ્વેતા નામની પુત્રી રાજકપુરની પુત્રી રીતુ નંદાને ત્યાં પરણીને સુખી છે અભિષેક એશ્વર્યાને આરાધ્યા નામની નાની પુત્રી છે

જયાની ફિલ્મોની યાદી લાંબી છે.જ્યા માત્ર ૧૫ વરસની ઉંમરે સત્યજિત રાયની બંગાળી ફિલ્મ ૧૯૬૩ માં મહાનગરમાં દેખાયા હતા પછી ઋષિકેશ મુકરજીની ગુડ્ડી આવી જ્યા પછી ગુડ્ડી નામે જ જાણીતા થયા અભિમાન સિલસિલા કભી ખુશી કભી ગમ ઝંઝીર ચુપકે ચુપકે શોલે શોર ઉપહાર કોશિશ બાવરચી કોરા કાગજ નોકર હજાર ચોર્યાશી કી માં ફિઝા કલ હો ના હો.પિયા કા ઘર પરિચય જવાની દિવાની એક નજર સમાધિ ગાય ઓર ગોરી કોરા કાગઝ અનામિકા ફાગુન જેવી ફિલ્મો છે હજુ આ યાદી લાંબી હોત જો જયાએ અમિતાભ સાથે લગ્ન કર્યા પછી ફિલ્મોમાં કામ કરવાનું ચાલુ રાખ્યું હોત.જયાએ ફિલ્મ કારકિર્દી કરતા ઘરસંસારને મહત્વ આપ્યું.જયાને કુલ આઠ ફિલ્મફેર એવોર્ડ મળ્યા છે .જેમાં ત્રણ શ્રેષ્ઠ અભિનેત્રીના ત્રણ સહાયક અભિનેત્રીના છે ૧૯૯૨ જયાને પદમશ્રી મળ્યો હતો.૨૦૦૭ માં ફિલ્મફેર લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ મળ્યો હતો

અમિતાભ સાથે બંસી બિરજુ અને એક નજર કરી પછી ઝંઝીર રજુ થતા સુપરહીટ થઈ .પછી અમિતાભ જયાએ અભિમાન ચુપકે ચુપકે મિલી શોલે સિલસિલા અને કભી ખુશી કભી ગમમાં એક સાથે કામ કર્યું

જયાને " ઉપહાર'" "અભિમાન' "કોરા કાગઝ ' "નોકર " " હજાર ચોર્યાસી કી માં " "ફિઝા " " કભી ખુશી કભી ગમ " અને ' કલ હો ના હો " માટે ફિલ્મફેર એવોર્ડ મળ્યા છે

જયા એક વિચારશીલ અને પ્રગતીશીલ અભિનેત્રી છે અવારનવાર પોતાનો પુણ્યપ્રકોપ મીડિયા સામે ઠાલવ્યા કરે છે .અનિતાભ જેવાને જ્યા જ સંભાળી શકે.૭૫ વરસની વયે પહોંચેલા એક ઉમદા સજ્જન જયાને સુપર દુપર સલામ.

અબ્બાસભાઈ કૌકાવાલા

સુરત

સવિનય સાથે જણાવવાનું કે ભાવનગર ડીસ્ટીક કો-આપોર્રેટી બેકંની બગદાણા શાખાના અધિકારીઓએ ખારી? ગામના ખેડુત બાલુભા? રામભા? ગોહિલ અને? તેના પરીવાર સાથે પઠાણી ઉઘરાણી કરેલી અને બીસ્રા પોટલા ભરી લ્યો અન્યથા જેલમા મેકલશુ તેવુ અશોભનીય વર્તન બેકંના અધિકારીઓએ કરેલ તેવુ બાલુભાના પરીવાર જનો સત્ય હકીકત જણાવે છે અને તેનાથી જ અમારા પરીવારના? મોભી બાલુભા રામભા ગોહિલને પોતાની માન પ્રતિષ્ઠાને હાની થાય છે તેવુ લાગવાથી સતત ચિન્તામા રહેતા હોવાથી આઘાત લાગવાથી ઓચિતાનુ તા.૩/૪/૨૦૨૩ ના રોજ મૃત્યુ થયેલ છે તેમજ હાલમાં પણ સ્વઃ બાલુભાના ધર્મ પત્ની અમારી જમીન જપ્ત થવાથી મારા પરીવારનુ શુ થશે તે ચિન્તામા ગમગીન છે તેથી બાલુભાના પરીવારને કશુ થશે તો તેની તમામ જવાબદારી આજદીનથી બેકંના અધિકારીઓ અને સત્તાધીશોની રહેશે,તેમજ આ મુદ્દો અતિ ગંભીર હોવાથી ભાવનગર જીલ્લાના તમામ ખેડુત સંગઠનોના આગેવાનોએ તા.૧૩/૪/૨૦૨૩ ને ગુરુવારે સવારે ૯-૩૦ કલાકે સ્વર્ગસ્થ બાલુભા રામભા ગોહિલની વાડીએ બેંકે જમીન જપ્તીનુ બોર્ડ લગાવેલ છે ત્યાં સ્વઃ બાલુભાની છબી રાખીને તેના આત્માની શાન્તિ માટે હનુમાન ચાલીચા અને આત્મા શાંતિના મૃત્યુજય જાપ કરી શ્ર્ધાજંલી આપી ૧૦ વાગ્યે ખારી ગામે શોકસભામા સ્વઃ બાલુભા રામભાના પરીવારને સાત્વના આપી જીલ્લાના ખેડુત આગેવાનો સ્વઃ બાલુભાના પરીવાર સાથે છે તેવી ધરપત આપી બેકં સામે શું કાર્યરવાહી કરવી તે વિચારણા થશે.તેમા મહુવા. તળાજા અને ભાવનગરના તમામ મીડીયાના મિત્રોને આ મૃતકના પરીવાર ઉપર બનેલ ઘટનાનુ વાસ્તવિકતાનુ કવરેજ કરવા હાજરી આપવા વિનંતી તેમજ ખેડુતોની જેના હૈયે લાગણી હોય તેવા સામાજીક અને ધાર્મીક વડાઓ નવ થી દસ એક કલાક ખારી ગામે હાજરી આપવી તેમ ભાવનગર જીલ્લાના ખેડુત અગ્રણી વાળા ભરતસિંહ પોપટભા (તરેડી) જણાવી રહ્યાં છે.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.